# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૯ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૨૫






# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે ગુણ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલાં ઔદાયિક છે, કર્મોના ઉપશમજન્ય ઔપશમિક છે તથા કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલાં ક્ષાયોપશમિક છે અને જે વિવિધ શાસ્ત્રસમૂહ દ્વારા વર્ણીત થયેલાં છે-અનેક શાસ્ત્રોમાં જેમનું વર્ણન છે-તે બધાં ચેતના રહિત અચેતન છે. ૧૦૪.(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર, અધિ-૧, શ્લોક-૪૯)

● નિશ્ચયનયકા સ્વરૂપ ઐસા હૈ કિ-એક દ્રવ્યકી અવસ્થા જૈસી હો ઉસીકો કહે. આત્માકી દો અવસ્થાયેં હૈં-એક તો અજ્ઞાન અવસ્થા ઔર એક જ્ઞાન અવસ્થા. જબ તક અજ્ઞાન અવસ્થા રહતી હૈ, તબ તક તો બંધપર્યાયકો આત્મા જાનતા હૈ કિ-મૈં મનુષ્ય હૂઁ, મૈં પશુ હૂઁ, મૈં ક્રોધી હૂઁ, મૈં માની હૂઁ, મૈં માયાવી હૂઁ, મૈં પુણ્યવાન-ધનવાન હૂઁ, મૈં નિર્ધન-દરિદ્રી હૂઁ, મૈં રાજા હૂઁ, રંક હૂઁ, મૈં મુનિ હૂઁ, મૈં શ્રાવક હૂઁ, ઈત્યાદિ પર્યાયોંમેં આપ માનતા હૈં. ઈન પર્યાયોંમેં લીન હોતા હૈ તબ મિથ્યાદષ્ટિ હૈ, અજ્ઞાની હૈ, ઈસકા ફલ સંસાર હૈ ઉસકો ભોગતા હૈ. ૧૦૫.(શ્રી કુંદકુંદાચાર્ય, મોક્ષપાહુડ-૮૩)

● પ્રગટપણે સદા શિવમય (નિરંતર કલ્યાણમય) એવા પરમાત્મત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. 'તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)' એમ (માત્ર) વ્યવહારમાર્ગે સતત કહ્યું છે. હે જિનેન્દ્ર ! આવું તે તત્ત્વ (તે નય દ્વારા કહેલું વસ્તુસ્વરૂપ), અહો ! મહા ઈન્દ્રજાળ છે. ૧૦૬.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર ટીકા, શ્લોક-૧૧૯)

● જેવી રીતે જપાપુષ્પના યોગથી સ્ફટિકમણિમાં જે લાલિમાનો પ્રતિભાસ થાય છે તે ક્ષણિક છે, પણ સ્ફટિકનું સ્વરૂપ નથી, તેવી જ રીતે જીવાદિ નવ તત્ત્વોમાં જે જીવનો પ્રતિભાસ થાય છે તે વાસ્તવિક નથી, પરંતુ કેવળ વ્યવહારદષ્ટિથી છે, શુદ્ધદષ્ટિથી નથી. શુદ્ધદષ્ટિથી તો જીવતત્ત્વ અદ્વૈતરૂપ જ છે, તેમાં આ નવ અવસ્થાઓનો પ્રતિભાસ પ્રતીત થતો નથી. ૧૦૭.(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી-૨, ગા.૧૨૯)

● જે નય આત્માને બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત-એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધનય જાણ. ૧૦૮. (શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૧૪)

● જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે. ૧૦૯.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૯)

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ–૧૯
અંક–૧૧

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૮૧

July
A.D. 2025



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૬૮, ૬૯ ના પ્રવચનમાંથી)

## આત્મા પોતે જ સુખરૂપ છે.

જેમ આકાશમાં સૂર્ય સ્વયમેવ તેજ, ઉષ્ણ અને દેવ છે તેમ લોકમાં સિદ્ધ ભગવાન સ્વયમેવ, જ્ઞાન, સુખ અને દેવ છે. જેમ સિદ્ધ જ્ઞાન, સુખ અને દેવ છે. તેમ બધા આત્મા સિદ્ધ સમાન શક્તિએ જ્ઞાન, સુખ, દેવ સ્વરૂપ છે. તેમ બતાવ્યું છે.

સૂર્ય અનાદિનિધન પદાર્થ છે. આકાશમાં કોઈ કારણની અપેક્ષા રાખ્યા વગર પ્રકાશી રહ્યો છે. પૂર્વથી પશ્ચિમ જાય તેમાં કોઈ ટેકાની જરૂર નથી.

(૧) સૂર્ય પોતાના પુષ્કળ પ્રકાશમય સ્વરૂપથી પ્રકાશિત હોવાથી તેજરૂપ છે.

(૨) લોખંડનો ગોળો કોઈ વખત ગરમ થાય તેમ સૂર્ય સદાય ઉષ્ણતા પરિણામને પામેલો હોવાથી ઉષ્ણ છે. (સૂર્યનું વિમાન તે એકેન્દ્રિય પૃથ્વીકાય જીવ છે તેના આતાપ નામકર્મનો ઉદય છે તેથી ઉષ્ણ જણાય છે.)

(૩) દેવગતિ નામકર્મના ધારાવાહી ઉદયને લીધે તે દેવ છે. આંહી દેવગતિ નામકર્મનો ઉદય જે કહ્યો છે તે તેમાં વસતા દેવોનો હોય છે પણ તેનો ઉપચાર વિમાન ઉપર કર્યો છે.

તેવી જ રીતે આ આત્મા સ્વયમેવ છે. સ્વયમેવ શબ્દ સ્વતંત્રતા બતાવે છે.

| શ્રી કુંથુનાથ સ્તુતિ | દ્વય ધ્યાન અશુભ નહિં નાથ કરે,<br>ઉત્તમ દ્વય ધ્યાન મહાન ધરે. ૮૩ | શ્રી સ્વયંભૂ–સ્તોત્ર |
|---|---|---|

આત્મા કોઈનો બનાવ્યો બન્યો નથી અને કોઈથી નાશ થઈને બીજામાં ભળી જાય તેમ નથી.

(૧) સિદ્ધ ભગવાનને સ્વપરપ્રકાશક શક્તિ પ્રગટ થઈ છે. તે શક્તિવાળા સહજ સંવેદન સાથે એકમેક છે. વિકારનો નાશ થઈ ગયો છે તેથી શુદ્ધપર્યાયો સાથે જ્ઞાન એકમેક છે. આ આત્માનું સ્વરૂપ પુણ્ય-પાપ સાથે એકમેક નથી.

(૨) જ્ઞાનસ્વભાવની એકાગ્રતાથી ઉપજતું પરિપૂર્ણ સુખ સિદ્ધ ભગવંતોને હોય છે ને તેથી આકુળતા નહિ હોવાના કારણે વિશેષ સ્થિત છે, ને સુખી છે તેમ આત્મા પણ સિદ્ધ સમાન છે. વ્યવહાર દયા, દાન, પૂજાના ભાવ એ આત્મતૃપ્તિનું કારણ નથી. પણ પોતાનો આત્મા સુખ સ્વભાવ છે એની પ્રતીતિ, જ્ઞાન ને વેદન તે સુખ છે એમ જે માને તેને સમ્યક્જ્ઞાન થાય છે. જ્ઞાનમાં સંતોષ ને શાંતિ થઈ છે, પરમ શાંતરસની તૃપ્તિથી આત્મા આગળ વધીને સિદ્ધ થાય છે. માટે આ આત્મા પણ સુખ સ્વરૂપ છે.

(૩) જેની સર્વજ્ઞદશા નજીક છે. એવા ગણધરો તથા જ્ઞાની પુરુષોના મનરૂપ થાંભલામાં સિદ્ધ ભગવંતની દિવ્યતા કોતરાયેલી છે. આવા મહાપુરુષો સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરે છે. માટે સિદ્ધ ભગવાન દેવ છે. તેવી જ રીતે આ આત્મા પણ પોતાના સ્વરૂપની દિવ્યતાના ગાણા ગાય છે. માટે આ આત્મા પણ દેવસ્વરૂપ છે. અજ્ઞાનીને પોતાના સ્વરૂપની ખબર નથી તેથી તે પોતાના રાગના ગાણા ગાય છે. જ્ઞાનીને વિકલ્પ હોય ત્યારે સિદ્ધના ગાણા ગાય છે એમ કહેવાય છે. ખરેખર તે પોતાના આત્મદેવના ગાણા ગાય છે. માટે આ આત્મા પોતે જ જ્ઞાન છે, પોતે જ સુખરૂપ છે, ને પોતે જ દેવ છે.

તેથી આચાર્ય ભગવાન કહે છે કે સુખના સાધન જે અજ્ઞાની કલ્પે છે તે બાહ્ય પદાર્થો શરીર, ઈન્દ્રિયો, લક્ષ્મી, કુટુંબ, પુણ્ય, પાપ, વગેરે સુખના સાધન નથી. તેનાથી બસ થાઓ, અટકી જાઓ. ને પરિપૂર્ણ કેવલદશા પ્રાપ્ત કરો. સિદ્ધ તે આદર્શ અરીસો છે. સિદ્ધને જે હોય તે મને હોય, સિદ્ધના પુણ્ય પાપ ને વ્યવહાર નીકળી ગયા છે. તો આત્મામાં પણ પુણ્ય-પાપ અને વ્યવહાર નીકળી જવાને પાત્ર છે. સિદ્ધ તો અનંત જ્ઞાન, દર્શન સહિત છે ને રાગાદિ રહિત છે. તેવો નિર્ણય સિદ્ધદશા પ્રગટ ન હોવા છતાં જ્ઞાનચક્ષુથી જોઈને આ આત્મા નિર્ણય કરે તો પોતે સુખી થઈને સિદ્ધદશા પ્રાપ્ત કરે.

આ ગાથામાં શુભોપયોગનું સ્વરૂપ જણાવે છે.

**નિજ ઘાતી કર્મ વિનાશ કિયે,**
**રત્નત્રય તેજ સ્વવીર્ય લિયે;**

આ આત્મા જ્યારે દુઃખના સાધન અગર પ્રતિકૂળતા તરફનો દ્વેષ છોડે છે ને અનુકૂળ સામગ્રી ને પાંચ ઈન્દ્રિયના વિષયો તરફનો અનુરાગ છોડે છે, એટલે કે સંસારના અશુભભાવ છોડે છે, ત્યારે દેવ, ગુરુ, યતિ વગેરેના પૂજાના શુભભાવ કરે છે.

આવો જીવ સાત્ત્વિક વૃત્તિવાળો હોય છે. અઢાર દોષ રહિત વીતરાગ સર્વજ્ઞદેવને માને છે ને પૂજે છે. સમ્યક્દર્શન સહિતના નિર્ગ્રંથ દિગમ્બર ગુરુ તથા યતિની પૂજા કરે છે. ચાર પ્રકારના દાન યોગ્ય મુનિને આપે છે. પોતે શિયળ ને કોમળતા ધારે છે ને ઉપવાસાદિ તપ કરે છે. તે ધર્માનુરાગ હોવાથી શુભોપયોગ છે. પુણ્ય છે, પણ ધર્મ નથી.

અજ્ઞાની જીવને આ શુભભાવમાં લીનતા હોય છે. તેથી તેને આરૂઢ કહ્યો છે. શુભભાવ તે ધર્મનો ઘાતક છે. તેથી પારમાર્થિક સુખ મળતું નથી. પણ ઈન્દ્રિય સુખ મળે છે, એટલે રાજા અગર સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય પણ ધર્મ કે મોક્ષની પ્રાપ્તિ થાય નહિ. અહીં તો દેવ-ગુરુનું સાચું સ્વરૂપ જાણી શુભોપયોગમાં લીનતાવાળા મિથ્યાદષ્ટિના શુભભાવ આત્માના ઘાતક છે ને સંસારમાં પરિભ્રમણ કરાવે છે તેની વાત કહેવાય છે. કુદેવ તથા કુગુરુને માને તો તેના પુણ્યના પણ ઠેકાણા નથી.

દેવનું સ્વરૂપ :—સર્વજ્ઞ દેવ, ક્ષુધા, તૃષ્ણા, વિસ્મય વગેરે અઢાર દોષોથી રહિત વીતરાગ પરમાત્મા જે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે તે જ દેવ માનવાયોગ્ય છે.

ગુરુનું સ્વરૂપ :—પોતાના અખંડ આત્માની અખંડ પ્રતીતિ, યથાર્થ જ્ઞાન ને લીનતા તે આચરણ તે નિશ્ચય રત્નત્રય છે, અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન ને શુભભાવ તે વ્યવહાર રત્નત્રય છે. ગુરુ આવા ભેદ અને અભેદ રત્નત્રયના આરાધક છે. ને બીજા આરાધક જીવોને જિનદીક્ષા આપે છે. સમ્યગ્દર્શન જ્ઞાન સહિત અંતરદશા વધી તેને દીક્ષા આપે છે. ત્યારે બાહ્ય નગ્ન દિગમ્બર દશા હોય છે. અહીં વ્યવહારના આરાધક કહ્યા છે. તેનો અર્થ એટલો છે કે નિશ્ચયની સાથે વ્યવહાર વર્તે છે. ને તે વ્યવહારનો નિષેધ વર્તે છે તેથી તેમને વ્યવહારના આરાધક કહ્યા છે. પણ વ્યવહાર રત્નત્રયના આશ્રયે ધર્મ થતો નથી એમ તેઓ જાણે છે.

મુનિનું સ્વરૂપ :—પાંચ ઈન્દ્રિય એ આત્માનું સ્વરૂપ નથી, શરીરની ક્રિયા આત્માની નથી, પુણ્ય-પાપ આત્માનું સ્વરૂપ નથી. ઈન્દ્રિયાતીત સ્વરૂપ એ શુદ્ધ

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

**સબ આગમકે વક્તા રાજૈં,**
**નિર્મલ નભ જિમ સૂરજ છાજૈં. ૮૪**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૯-૪૦, ગાથા - ૩૬)

## સુલભ પ્રાપ્ત વિષયોમાં પણ ધર્મીનું નિર્મમત્વ

યોગી કેવા સ્થાનમાં ધ્યાન કરે છે? એકાંતસ્થાનમાં. જેમ કોઈ પાંચ-પચીસ લાખનું નિધાન મળ્યું હોય તો કોઈને કહેતો નથી પણ એકાંતસ્થાનમાં પોતે ભોગવે છે તેમ સમ્યગ્દૃષ્ટિ યોગી એકાંતસ્થાનમાં આત્મનિધાનનો ભોગવટો કરે છે. બહારથી કોલાહલની પ્રતિકૂળતા રહિત અને એકાંતસ્થાનમાં આત્મનિધાનનો ભોગવટો કરે છે. બહારથી કોલાહલની પ્રતિકૂળતા રહિત અને અંતરમાં રાગના કોલાહલ રહિત એકાંતસ્થાનમાં સમ્યગ્દૃષ્ટિ ધ્યાન કરે છે. પર્વતોની ગુફા આદિ એકાંતસ્થાનમાં આળસ અને નિદ્રારહિત થઈને યોગી પોતાને પ્રિય એવા આત્મામાં લીન થાય છે.

ધર્મ તો તેને કહેવાય કે જેમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય. ધર્મ લૂખો ન હોય. શુભ વિકલ્પ એ કોઈ ધર્મ નથી, તેમાં આનંદ નથી, દુઃખ છે. ત્રણ લોકના નાથ સર્વજ્ઞ ભગવાન કહે છે કે ભાઈ! તારા નિધાનમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય વીર્ય, પ્રભુતા આદિ અનંત ગુણરત્નોના નિધાન ભર્યા છે તેને રુચિમાં લે અને તેમાં એકાગ્ર થઈને તેને ભોગવ! અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત થાવ!

લગ્નમાં ગોર કહે છે ને 'સમય વર્તે સાવધાન' તેમ અહીં સમય એટલે આત્મામાં સાવધાન થઈને વર્તે તો તને અતીન્દ્રિય મહા-આનંદનો લાભ પ્રાપ્ત થાય. એમ ભગવન કહે છે. આ તો બધાને સમજાય એવી વાત છે. એમ ન સમજવું કે હું બાળક છું કે હું વૃદ્ધ છું માટે ન સમજાય. બાળક કે વૃદ્ધ આત્મા નથી. આત્મા તો ત્રિકાળ સમજનાર તત્ત્વ છે. તે અત્યારે નહિ સમજે તો આવો મનુષ્યભવ સમજવાનો અવસર પછી ક્યાં મળશે? આ ઉત્તમ ભવમાં સત્ય વાત સમજવામાં ન આવી અને દૃષ્ટિમાં ન આવી તો શું કામનું? પાંચ-પચાસ લાખ રૂપિયા મળ્યા એ તો પૂર્વના પુણ્યને લીધે આવ્યા અને પુણ્ય ખરી ગયાં, તેમાં તને શું મળ્યું ભાઈ! તેં તો કમાવાનો ભાવ કરીને પાપ બાંધ્યું! કદાચ દયા-દાન-ભક્તિ કરીને પુણ્ય બાંધ્યું તોપણ તેમાં તારો ધર્મ

યતિપતિ ! તુમ કેવલજ્ઞાન ધરે,
બ્રહ્માદિ અંશ નહિ પ્રાપ્ત કરે;

ક્યાં આવ્યો ? પુણ્ય-પાપના વિકલ્પથી પાર નિજ શુદ્ધ ચૈતન્યતત્ત્વનો અનુભવ કરવો તે તારો ધર્મ છે—સંવિત્તિ છે.

હવે શિષ્યને પ્રશ્ન થાય છે કે જેને દેહ, વાણી, મન અને રાગાદિની રુચિ છૂટીને પોતાના ચૈતન્યસ્વભાવની રુચિપૂર્વક અનુભવ થાય એવા યોગીને કેવી રીતે ખબર પડે કે મને અનુભવ થયો છે ? શાંતિ પ્રગટ થઈ છે ? અને હર ક્ષણે તે અનુભવમાં ઉન્નતિ થઈ રહી છે તે પણ કેવી રીતે ખબર પડે ? શુદ્ધાત્માનો અનુભવ થયો છે અને તેમાં વૃદ્ધિ થઈ રહી છે તે જાણવા માટે લક્ષણ શું છે ? મને પરભાવનું વેદન છૂટી ગયું અને આત્મસંવિત્તિનું વેદન થાય છે એ જાણવાનું લક્ષણ શું છે ?

શિષ્યનો પ્રશ્ન સાંભળી આચાર્ય કહે છે હે બુદ્ધિમાન ! તારો પ્રશ્ન બરાબર છે, સાંભળ ! હું તને એ જાણવાનું લક્ષણ કહું છું. જેમ વેપારમાં ધન મળે અને તેની વૃદ્ધિ થાય છે તેની ખબર પડે છે ને ? તેમ આ ધર્મ વ્યાપારમાં પણ આનંદનો અનુભવ થાય છે અને વૃદ્ધિ થાય છે તે તેના લક્ષણ ઉપરથી જણાઈ જાય છે.

यथा यथा समायाति संवितौ तत्त्वमुत्तमम् ।
तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि ।।३७।।

જ્યમ જ્યમ સંવેદન વિષે આવે ઉત્તમ તત્ત્વ,
સુલભ મળે વિષયો છતાં, જરીયે કરે ન મમત્વ. ૩૭.

આ વીતરાગી સર્વજ્ઞ પરમાત્માએ કહેલી ધર્મની રીત છે. અનાદિથી જીવ જ્યાં સુધી મિથ્યાદષ્ટિ હતો ત્યાં સુધી તો તે પુણ્ય-પાપ, દયા-દાન આદિ રાગનો અનુભવ કરતો હતો પણ જ્યારે તે જીવ નિજ ઉત્તમ તત્ત્વ શુદ્ધ આનંદકંદનો અનુભવ કરવા લાગે છે તો જેમ જેમ અનુભવ વધતો જાય છે તેમ તેમ યોગીને સહેલાઈથી પ્રાપ્ત થતાં વિષયો પણ રુચતા નથી.

યોગી કોને કહેવાય ? કે જે પરમાત્માએ બતાવેલા નિજ શુદ્ધાત્મામાં એકાકાર થાય છે તે 'યોગી' છે, બાકી બધા ભોગી છે. ઘણા અજ્ઞાની બહારથી યોગી દેખાતા હોય પણ અંતરથી ભોગી હોય છે અને સમ્યગ્દષ્ટિ બહારથી ભોગી દેખાતા હોય તોપણ અંતરમાં આત્મામાં એકાકાર થાય છે માટે તે યોગી છે.

નિજ હિત રત આર્ય સુધી તુમકો,
અજ જ્ઞાની અર્હ નમૈં તુમકો. ૮૫

યોગીને પોતાના અતીન્દ્રિય આનંદની પાસે ભોગની ઈચ્છા રોગ સમાન લાગે છે. તેને અન્યાયથી લાવેલી વસ્તુ કે છળ-કપટથી કે બળાત્કારથી લાવેલી સ્ત્રી આદિનો ભોગ તો હોતો જ નથી પણ પૂર્વ પુણ્યથી સહેલાઈથી મળેલા સ્ત્રી, પુત્ર, ધન આદિનો ભોગ પણ રોગ જેવો લાગે છે. અતીન્દ્રિય આનંદના ભોગવટા પાસે તેને બીજું કાંઈ રુચતું નથી. જેમ રોગી રોગને ઈચ્છતો નથી અને દવાને પણ ઈચ્છતો નથી તેમ ધર્મી પાંચ ઈન્દ્રિયના વિષયોના ભોગનો રાગ આવે છે તેને રોગ માને છે અને તે રોગના ઈલાજરૂપ ક્રિયાને—ભોગને પણ તે હેય માને છે, ઈચ્છતો નથી.

જેણે દૂધપાકનો સ્વાદ ચાખ્યો છે તેને લાલજુવારના ફોતરાંના રોટલા ભાવતા નથી તેમ ધર્મી ચક્રવર્તી હોય તોપણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કર્યો છે તેથી તેને છ ખંડના રાજનો ભોગવટો પણ રુચતો નથી.

પ્રવચનસારમાં દાખલો આવે છે કે માછલીને જમીન ઉપર આવવું પણ દુઃખરૂપ લાગે છે તો અગ્નિમાં જવું કેટલું દુઃખરૂપ લાગે? તેમ જેને હું આનંદમૂર્તિ છું એવું ભાન અને વેદન છે તેવા ધર્મીને શુભભાવમાં આવવું દુઃખરૂપ લાગે છે અને વિષય વાસનામાં આવવું એ તો અગ્નિના અંગારામાં જવા જેવું દુઃખરૂપ લાગે છે. આ ધર્મીનું લક્ષણ છે. બહારથી સ્ત્રી-પુત્રાદિને છોડીને જંગલમાં રહે તે ધર્મી એવું ધર્મીનું લક્ષણ નથી. સ્વભાવના અનુભવ પાસે જેને પરભાવનો અનુભવ દુઃખરૂપ લાગે છે—લૂખો લાગે છે એ ધર્મીનું લક્ષણ છે. તેના ઉપરથી ધર્મી ઓળખાય છે. (ક્રમશઃ)

❊

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ) (પ્રવચનસાર પ્રવચન)

ચિદાનંદનું સ્વરૂપ છે એમ સત્ સ્વરૂપ આત્માની જતના (પુરુષાર્થ) કરે છે તે મુનિ છે.

જે જીવ આવા દેવ-ગુરુ-મુનિની તથા તેમની પ્રતિમાની પૂજા કરે છે, આહારાદિ ચાર પ્રકારના દાન દે છે. શાસ્ત્ર અનુસાર વ્રતાદિનું પાલન કરે છે, ઉપવાસ વગેરેમાં પ્રીતિ કરે છે, તેને ધર્માનુરાગ હોવાથી શુભોપયોગ થાય છે. તે પુણ્યનું કારણ છે. ધર્મનું કારણ નથી. આવા શુભોપયોગથી સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે. એટલે ઈન્દ્રિય સુખ મળે છે. કારણ કે જે જીવને પુણ્ય, શુભભાવ, વ્યવહારની જ રુચિ છે ને વ્યહારને પોતાની ફરજ માને છે એવા રુચિવાળા જીવને પારમાર્થિક સુખ મળતું નથી. (ક્રમશઃ) ❊

**શ્રી અરનાથ સ્તુતિ**

ગુણ થોડે બહુત કહે બઢાય,
જગમેં થુતિ સો હી નામ પાય;



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## જ્ઞાનમાં પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રકારોનું વર્ણન

"હવે પ્રમાણ સમ્યગ્જ્ઞાન છે; તેથી મતિજ્ઞાન શ્રુતજ્ઞાન તો પરોક્ષપ્રમાણ છે, અવધિ મનઃપર્યય અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે 'आद्ये परोक्षम्; प्रत्यक्षमन्यत्' એવાં સૂત્રો કહ્યાં છે; તથા તર્કશાસ્ત્રમાં પ્રત્યક્ષ–પરોક્ષનું આવું લક્ષણ કહ્યું છે—'स्पष्टप्रतिभासात्मकं प्रत्यक्षम्, अस्पष्टं परोक्षम्' અર્થાત્ જે જ્ઞાન પોતાના વિષયને સારી રીતે નિર્મળતારૂપ જાણે તે જ્ઞાન પ્રત્યક્ષ છે, અને જે જ્ઞાન સ્પષ્ટ–સારી રીતે ન જાણે તે પરોક્ષ છે. મતિજ્ઞાન શ્રુતજ્ઞાનના વિષય તો ઘણા છે પરંતુ તે એક જ જ્ઞેયને સંપૂર્ણ જાણી શકતાં નથી તેથી તે પરોક્ષ છે; અવધિ–મનઃપર્યયજ્ઞાનનો વિષય થોડો છે પરંતુ તે પોતાના વિષયને સ્પષ્ટ–સારી રીતે જાણે છે તેથી તે એકદેશ–પ્રત્યક્ષ છે, અને કેવળજ્ઞાન પોતે સર્વ જ્ઞેયોને સ્પષ્ટ જાણે છે તેથી તે સર્વપ્રત્યક્ષ છે."

આગમની શૈલીથી પ્રત્યક્ષ–પરોક્ષના આ પ્રકારો કહ્યા છે, તેમાં મતિ-શ્રુતને પરોક્ષ કહ્યા છે; છતાં અધ્યાત્મશૈલીમાં તેને સ્વાનુભવ–પ્રત્યક્ષ પણ કહેવાય છે–આ વાત પોતે જ આ પત્રમાં આગળ લખશે.

દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ છે; તેનું જ્ઞાન કેવું કાર્ય કરે તો તેને ધર્મ કહેવાય? તેની આ વાત છે. અથવા શું કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય? તેની આ વાત છે. સમ્યક્દર્શન એટલે સાચી પ્રતીત; શુદ્ધ આત્મા જેવો છે તેવી તેની પ્રતીત તે સમ્યક્દર્શન છે. હવે, શુદ્ધાત્મા કેવો છે તેને જો જ્ઞાન બરાબર જાણે તો જ તેના સાચા જ્ઞાનપૂર્વક સાચી પ્રતીત થાય. જ્ઞાનમાં જ જેને વિપરીતતા હોય તેને સાચી પ્રતીત ક્યાંથી થાય? જે જાણ્યું હોય તેની પ્રતીત કરેને? આત્માને જાણવાનું કામ (છદ્મસ્થને) મતિશ્રુતજ્ઞાન વડે થાય છે. પણ જે મતિશ્રુતજ્ઞાન એકલા પર તરફ જ વર્તે તે આત્માને જાણી શકતા નથી. પરથી પાછા વળી, ઈન્દ્રિય તથા મનનું અવલંબન એકકોર મૂકી, સ્વ તરફ વળે ત્યારે જ તે મતિશ્રુતજ્ઞાન આત્માને સમ્યક્પણે અનુભવે છે, અને એવા જ્ઞાનપૂર્વક જ આત્માની સમ્યક્પ્રતીતિ થાય છે. પૂર્વે અનંત કાળમાં જીવે આવી સમ્યક્પ્રતીતિ કદી કરી નથી.

**તેરે અનન્ત ગુણ કિમ કહાય,**
**સ્તુતિ તેરી કોઈ વિધિ ન થાય. ૮૬**

આવી સમ્યક્ પ્રતીતિ તે અપૂર્વ કાર્ય છે, એના વડે મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. આ સમ્યગ્દર્શન ક્યાંય પરમાંથી કે રાગના વિકલ્પમાંથી આવે તેમ નથી, સ્વભાવસન્મુખ દૃષ્ટિ કર્યે જ સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દર્શન સહિતનું જે સમ્યગ્જ્ઞાન તે પ્રમાણ છે, ને તેમાં પ્રત્યક્ષ-પરોક્ષપણાનું આ વર્ણન ચાલે છે. અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન કાંઈ બધાય સાધકને હોતાં નથી, કેટલાય જીવો તો અવધિ અને મનઃપર્યય વગર, મતિ—શ્રુત વડે જ આત્માને અનુભવીને સીધા કેવળજ્ઞાન પામી જાય છે. કોઈ કોઈ ધર્મીને અવધિજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાન પ્રગટે છે, તેમાંય મનઃપર્યયજ્ઞાન તો કોઈ મુનિને જ પ્રગટે છે. આ અવધિ અને મનઃપર્યયજ્ઞાન જો કે પ્રત્યક્ષ છે પરંતુ તે જ્ઞાનો પરને—રૂપીને જ પ્રત્યક્ષ જાણી શકે છે, અરૂપી આત્માને તેઓ પ્રત્યક્ષ કરી શકતા નથી. મતિ—શ્રુતજ્ઞાન સ્વસન્મુખ થઈને આત્માને સાધે છે, પરંતુ તે જ્ઞાનમાં કેવળજ્ઞાનની માફક આત્મપ્રદેશો સાક્ષાત્ પ્રત્યક્ષ જણાતા નથી તેથી તેમને પરોક્ષ કહ્યા છે. પરને પણ અવધિમનઃપર્યયજ્ઞાન જેવું સ્પષ્ટ તે જાણતાં નથી, અસ્પષ્ટ જાણે છે, તેથી તે પરોક્ષ છે. કેવળજ્ઞાનની તો શી વાત! એ તો સર્વ પ્રકારે સાક્ષાત્ પ્રત્યક્ષ છે, પૂરેપૂરું પ્રત્યક્ષ છે. આત્માના એકેક પ્રદેશને પણ તે સાક્ષાત્ જાણે છે. આવા કેવળજ્ઞાન સહિત સીમંધર પરમાત્મા અત્યારે વિદેહક્ષેત્રે તીર્થંકરપણે વિરાજી રહ્યા છે.

## પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાનોનું વિશેષ વર્ણન મતિ—શ્રુત જ્ઞાનની તાકાત

પ્રત્યક્ષ ને પરોક્ષના ભેદના બીજા પ્રકારો દર્શાવે છે :

“વળી પ્રત્યક્ષના બે ભેદ છે—પરમાર્થ પ્રત્યક્ષ અને વ્યવહાર પ્રત્યક્ષ. અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન તો સ્પષ્ટ પ્રતિભાસરૂપ જ છે તેથી તે પારમાર્થિક પ્રત્યક્ષ છે. અને નેત્રાદિ વડે વર્ણાદિકને જાણીએ છીએ તેથી તેને સાંવ્યવહારિક—પ્રત્યક્ષ કહીએ છીએ.

વળી પરોક્ષપ્રમાણના પાંચ ભેદ છે : ૧—સ્મૃતિ, ૨—પ્રત્યભિજ્ઞાન, ૩—તર્ક, ૪—અનુમાન અને ૫—આગમ. તેમાં—

૧. પૂર્વે જાણેલી વસ્તુને યાદ કરીને જાણવી તે સ્મૃતિ કહીએ.

૨. દૃષ્ટાન્ત વડે વસ્તુનો નિશ્ચય કરીએ તે પ્રત્યભિજ્ઞાન કહીએ.

तो भी मुनीन्द्र शुचि कीर्ति धार,
तेरा पवित्र शुभ नाम सार;

૩. હેતુથી જે વિચારમાં લીધું તે જ્ઞાનને તર્ક કહીએ.

૪. હેતુ વડે સાધ્ય વસ્તુનું જ્ઞાન તે અનુમાન કહીએ.

૫. આગમથી જે જ્ઞાન થાય તેને આગમ કહીએ.

આ પ્રમાણે પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણના ભેદો કહ્યા.''

અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન એ ત્રણે પરમાર્થ પ્રત્યક્ષ છે. તેમાં કેવળજ્ઞાન તો મહા પ્રત્યક્ષ, પરમ અતીન્દ્રિય, સંપૂર્ણ પ્રત્યક્ષ દિવ્ય જ્ઞાન છે; અવધિ–મનઃપર્યયજ્ઞાનમાં ઈન્દ્રિયાદિનું અવલંબન નથી, પણ તે જ્ઞાનો અમુક વિષયોને જ જાણે છે તેથી તે બંને એકદેશ પ્રત્યક્ષ છે. આ ત્રણે જ્ઞાનો પરમાર્થ પ્રત્યક્ષ છે. અને મતિ–શ્રુતજ્ઞાન જો કે પરોક્ષ છે, પણ વ્યવહારમાં 'મેં આ વસ્તુ નજરે જોઈ, મેં અમુક માણસને સાક્ષાત્ દેખ્યો' ઈત્યાદિ પ્રકારે કહેવામાં આવે છે તેથી તે જ્ઞાનને 'સાંવ્યવહારિક પ્રત્યક્ષ' પણ કહેવાય છે. પ્રથમ તો અહીં સામાન્યપણે પાંચે જ્ઞાનમાંથી પ્રત્યક્ષ–પરોક્ષ કયા છે તે બતાવે છે; તેમાં મતિ–શ્રુતની જે ખાસ વિશેષતા છે તે પછી બતાવશે.

* કેવળજ્ઞાન તો એક જ પ્રકારનું છે.

* મનઃપર્યયજ્ઞાન ઋજુમતિ અને વિપુલમતિ એમ બે પ્રકારનું છે; તેમાં વિપુલમતિ તો અપ્રતિપાતી છે એટલે તે જ્ઞાનના ધારક મુનિ નિયમથી તે જ ભવે મોક્ષ પામે છે.

* અવધિજ્ઞાન–દેશઅવધિ પરમઅવધિ અને સર્વઅવધિ એમ ત્રણ પ્રકારનું છે; તેમાં પરમઅવધિ અને સર્વઅવધિ એ બે પ્રકારો ચરમશરીરી મુનિને હોય છે.

* મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ છે; તે પરોક્ષ જ્ઞાનના અનેક ભેદો છે. અહીં બીજા પ્રકારે તેના પાંચ ભેદ કહ્યા છે–સ્મૃતિ, પ્રત્યભિ, તર્ક, અનુમાન અને આગમ. પહેલા ચાર ભેદો મતિજ્ઞાનના છે, ને આગમ તે શ્રુતજ્ઞાન છે.

સ્મૃતિ એટલે પૂર્વે જોયેલી વસ્તુને સ્મરણ વડે વર્તમાનમાં જાણવી તે; જેમકે સીમંધર-ભગવાન આવા હતા...તેમની વાણી આવી હતી...સમવસરણ આવું હતું...વગેરે પૂર્વે જોયેલી વસ્તુને વર્તમાનમાં યાદ કરીને જાણે એવી તાકાત મતિજ્ઞાનમાં છે.

પ્રત્યભિજ્ઞાન એટલે પૂર્વે જે વસ્તુ જોયેલી તેને વર્તમાન વસ્તુ સાથે સરખાવવી તે; જેમકે–પૂર્વે જે ભગવાનને જોયા હતા તેમના જેવી જ આ પ્રતિમાની મુદ્રા છે; અથવા પૂર્વે

**કીર્તનસે મન હમ શુદ્ધ હોય,**
**તાતૈં કહના કુછ શક્તિ જોય. ૮૭**

ભગવાન પાસે મેં અમુક આત્માને જોયો હતો તે આ જ આત્મા છે—એમ મતિજ્ઞાન જાણી શકે છે. દેહાદિ બધા સંયોગો એકદમ પલટી ગયા હોવા છતાં મતિજ્ઞાનની નિર્મળતાની કોઈ એવી તાકાત છે કે 'પૂર્વે જોયેલો આત્મા આ જ છે.' એમ તે નિઃશંક જાણી લ્યે છે. જગતને જ્ઞાનીના તાકાતનો વિશ્વાસ બેસવો કઠણ પડે છે. પણ 'એવી તાકાતવાળા જીવો અત્યારે અહીં પણ છે.'

તર્ક એટલે જ્ઞાનમાં સાધન–સાધ્યનો સંબંધ જાણી લેવો તે; જેમકે જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય, જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો ન હોય. જ્યાં સમવસરણ હોય ત્યાં તીર્થંકરભગવાન હોય, જ્યાં તીર્થંકરભગવાન ન હોય ત્યાં સમવસરણ ન હોય. અથવા જે જીવને વસ્ત્રગ્રહણ છે તેને છઠ્ઠું ગુણસ્થાન ન હોય, છઠ્ઠું ગુણસ્થાન જેને હોય તેને વસ્ત્રગ્રહણ ન હોય. આ પ્રમાણે હેતુના વિચારથી જ્ઞાન કરવું તે તર્ક છે.

હેતુથી જે જાણ્યું તે અનુસાર સાધ્યવસ્તુનું જ્ઞાન કરવું, એટલે કે સાધ્ય–સાધનનો તર્ક લાગુ પાડીને સાધ્યવસ્તુને ઓળખી લેવી તેને અનુમાન કહેવાય છે. જેમકે અહીં અગ્નિ છે કેમકે ધૂમાડો દેખાય છે; અહીં તીર્થંકર ભગવાન બિરાજે છે કેમકે સમવસરણ દેખાય છે; આ જીવને છઠ્ઠું ગુણસ્થાન કે મુનિપણું નથી કેમકે તેને વસ્ત્રગ્રહણ છે. આ પ્રમાણે મતિજ્ઞાનથી અનુમાન થઈ જાય છે. આ અનુમાન એ કાંઈ સંશયવાળું નથી હોતું પણ ચોક્કસરૂપ હોય છે.

આ ઉપરાંત આગમઅનુસાર જે જ્ઞાન થાય તેને આગમજ્ઞાન કહેવાય છે. એ શ્રુતજ્ઞાનનો પ્રકાર છે. આ સ્મૃતિ વગેરે પાંચે પ્રકારના પરોક્ષજ્ઞાનના છે.

આ પાંચે જ્ઞાન—પ્રત્યક્ષ કે પરોક્ષ તે બધાય—પોતાથી જ થાય છે, કાંઈ પરથી જ્ઞાન થતું નથી. પરોક્ષજ્ઞાન પણ કાંઈ ઈન્દ્રિય કે મનને લીધે થતું નથી. જાણનારસ્વભાવી આત્મા પોતાના સ્વભાવથી જ તેવી અવસ્થારૂપે પરિણમે છે. જેમ ગળપણસ્વભાવી ગોળ કદી ગળપણ વગરનો હોય નહિ ને તેનું ગળપણ પરમાંથી આવે નહિ, તેમ જ્ઞાનસ્વભાવી આત્મા કદી જ્ઞાન વગરનો હોય નહિ ને તેનું જ્ઞાન પરમાંથી આવે નહિ. જ્ઞાનમાં પર જણાય, પણ જ્ઞાન કાંઈ પરમાં જઈને જાણતું નથી તેમજ પરમાંથી જ્ઞાન આવતું નથી.

આવી સ્વતંત્રતા સમજવા ઉપરાંત અહીં તો અંદરની સ્વાનુભવ વખતની સૂક્ષ્મ વાત છે. સ્વાનુભવદશામાં ધર્મીને જ્ઞાનનું પ્રત્યક્ષ–પરોક્ષપણું કયા પ્રકારે છે તે હવે કહે છે.

(ક્રમશઃ) ❈

તુમ મોક્ષ ચાહકો ધાર નાથ,
જો ભી લક્ષ્મી સમ્પૂર્ણ સાથ;



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
પ્રવચન છઠ્ઠું (ભાદરવા સુદ ૨ રવિવાર)

લક્ષ્મી ખરચતાં ખૂટે નહીં, પણ પુણ્ય ખૂટે તો લક્ષ્મી ખૂટ્યા વગર રહે જ નહીં. ખરચવાથી લક્ષ્મી ખૂટી જશે એમ માનનારને પુણ્યની પણ શ્રદ્ધા નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેમને માટે તન-મન-ધનનો હર્ષપૂર્વક ઉપયોગ કરે ત્યારે તો હજી વ્યવહારે ભગવાનનો ભક્ત થયો, પ્રશસ્ત શુભરાગ થયો; તેને ગૃહીત મિથ્યાત્વ છૂટ્યું અને હવે અંતર સ્વભાવની તાકાત વડે શુભરાગનો પણ નકાર કરે કે આ રાગ મારું સ્વરૂપ નહિ—એમ શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા કરે તો તેને પરમાર્થ સમકિત થાય, અનાદિનું અગૃહીત મિથ્યાત્વ છૂટે અને તે ખરેખર ભગવાનનો ભક્ત થયો, તે જ જૈન છે.

પ્રશ્ન :—તન, મન અને ધન ખર્ચવાનું કહો છો તો તેમાંથી ત્રીજું 'ધન' કાઢીને તન અને મન ખર્ચીએ તો ૬૬ ટકા લાભ થાયને?

ઉત્તર :—એક ટકો પણ લાભ ન થાય. ઘરના છોકરાં માટે કેમ બધું કરો છો? 'પાંચ લાખની મૂડી છે તે તને દેવાના ભાવ છે પરંતુ એક પાઈ પણ તને દેવી હરામ છે' એમ છોકરાને વાત કરે તો તે ન પાલવે. તેમ અહીં જેને દેવ-ગુરુની સાચી ભક્તિ છે તે તો દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના, ભક્તિ વગેરે પ્રસંગો આવતા હર્ષથી ઊછળીને કહે કે અનંત કાળે મારા મનને આંગણે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન પધાર્યા છે, મારા ભગવાન માટે હું સર્વસ્વ આપી દેવાનો છું; આવી વાત તો એકવાર લાવ! સાચા દેવ-ગુરુનો સંયોગ મળવો અનંતકાળે દુર્લભ છે. અહમેન્દ્રપદ, રાજપદ વગેરે અનંતવાર મળે પણ સાચા દેવ-ગુરુની પ્રાપ્તિ દુર્લભ છે.

આ ધર્મ અપૂર્વ છે, આ જ કરવા જેવું છે. બધું મૂકી દઈને સાચા દેવ-ગુરુ-ધર્મને શરણે એકવાર અર્પાઈ જા! ભગવાનના ભક્ત હોય તે લક્ષ્મીનો અમુક ભાગ તો સુદેવ, સુગુરુ અને સુધર્મ માટે જરૂર દાનમાં કાઢે. સારામાં સારા ભક્ત હોય તો ચોથો ભાગ દાનમાં કાઢે, મધ્યમ હોય તો છઠ્ઠો ભાગ કાઢે અને હલકામાં હલકા હોય તો છેવટે

સબ ચક્ર ચિહ્ન સહ ભરત–રાજ્ય,
જીરણ તૃણવત્ છોડા સુરાજ્ય. ૮૮

દશમો ભાગ તો જરૂર દાનમાં વાપરે. સંસારમાં છોકરાં ખાતર કેમ સંઘરી રાખે છે? તો જેને દેવ-ગુરુ-ધર્મની સાચી રુચિ થઈ છે તેને તન-મન-ધન ખર્ચવાનો ઉલ્લાસ આવ્યા વગર રહે જ નહીં.

ભાઈ રે! તારે આ ઉત્તમ મનુષ્યપણું લેખે લગાડવું છેને! તારે મનુષ્યપણું સફળ કરવું હોય તો સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખી તેમની શ્રદ્ધા કર. તેમની ભક્તિ, પ્રભાવના વગેરેમાં તન, મન, ધન, જ્ઞાન, વગેરે લગાવ. સંસારમાં જેમ કોઈ મહેમાન ઘરે આવ્યા હોય તો તેની કેટલી સગવડ સાચવે છે! તેમ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન અને પરમ ગુરુ માટે તને ભક્તિ ન આવે, તેમનું બહુમાન કેમ કરવું વગેરેનો વિચાર ન આવે તો તને દેવ-ગુરુ-ધર્મની સાચી પ્રીતિ નથી.

પ્રશ્ન :—સાહેબ! આપે કહ્યું છે કે પરદ્રવ્યનું પરિણમન આત્માને આધીન નથી, તો તેનું કેમ?

ઉત્તર :—પરનું પરિણમન આત્માને આધીન નથી એ વાત સાચી. જો તને પર સંબંધી ભાવ જ ન થતા હોય તો તો બરાબર છે, પણ હજી તું વીતરાગ થઈ ગયો નથી કે તને કોઈ શુભાશુભભાવ જ ન આવે! તને સ્ત્રી, પુત્ર સંબંધી અશુભરાગ આવે છે તથા વિષય-કષાયના અશુભભાવ પણ આવે છે, અને જ્યાં દેવ-ગુરુ-ધર્મ તરફના શુભભાવની વાત આવે ત્યાં તું કહે છે કે પરદ્રવ્યનું પરિણમન આત્માને આધીન નથી, તો શુભ-અશુભનો વિવેક કરતાં પણ તને નથી આવડતો. અને જો શુભ-અશુભનો વિવેક કરતાં પણ નથી આવડતો તો પછી શુભ અને અશુભ બન્ને રહિત આત્માના સ્વભાવની ઓળખાણ કરીશ ક્યાંથી?

'જ્ઞાનીઓ કહે છે કે શુભરાગથી ધર્મ ન થાય એટલે અમને દેવ-ગુરુની ભક્તિનો ઉલ્લાસ નથી આવતો' એમ કોઈ કહે અને સ્ત્રી, પુત્ર, લક્ષ્મી વગેરેના અશુભરાગમાં જોડાય તો તે જીવને નિમિત્તનો વિવેક કરતાં પણ આવડતો નથી. શુભરાગથી ધર્મ ન થાય એમ કહ્યું તેમાં શુભરાગ છોડીને અશુભરાગ કરવાનું તને કોણે કીધું? હજી નિમિત્તના વિવેકનું પણ ભાન નથી તે પોતાના ઉપાદાન સ્વરૂપને ઓળખશે શી રીતે?

ભગવાન અરિહંતદેવ, સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્ર એ સત્‌સ્વરૂપ સમજવાના નિમિત્તો છે. ભગવાન અરિહંતદેવના સાચા ભક્ત તન, મન, ધનથી સદ્‌ભાવરૂપ ભક્તિ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

તુમ રૂપ પરમ સુન્દર વિરાજ,
દેખનકો ઉમગા ઇન્દ્રરાજ;



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

### નિશ્ચય વસ્તુસ્વરૂપ

આ અનુભવપ્રકાશ ગ્રંથ છે. આત્માને પરદ્રવ્યથી ભિન્ન જાણતાં સ્વભાવસન્મુખ દૃષ્ટિ થાય ત્યારે ધર્મ થાય છે.

પ્રથમ દૃષ્ટાંત આપે છે કે અહીં હાથમાં ચિંતામણિનો દાખલો આપે છે—જેવી રીતે હાથ વિષેના ચિંતામણિને ભૂલે ને કાચને રત્ન માને તો તે રત્ન ન થાય ને ચિંતામણિને કાચ જાણે તો તે કાચ ન થાય ને તેનું ચિંતામણિપણું જતું ન રહે. તેમ અજ્ઞાની જીવ આત્માને શરીર, કર્મ આદિ પરરૂપ જાણે તેથી આત્મા પરરૂપ થતો નથી. શરીર, મન, વાણીની ક્રિયા પોતે કરે એમ માને તો પર ઉપર દૃષ્ટિ રહે છે છતાં આત્મા પોતાનો સ્વભાવ કદી પણ છોડતો નથી. વસ્તુ વસ્તુપણાને છોડે નહિ. પોતાના દ્રવ્યને છોડે નહિ. પોતાનું પ્રમાણ સ્વરૂપ છોડે નહિ. પ્રમાણ એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવની હદ છોડે નહિ. કોઈ દ્રવ્ય પોતાના પ્રદેશને છોડે નહિ, આત્મા પણ પોતાના અસંખ્ય પ્રદેશને કદી છોડતો નથી. પરને પોતાનું માને તેથી પર પોતાનું થાય નહિ ને પોતે પરરૂપ થાય નહિ.

સંસાર-અવસ્થા હો કે સિદ્ધ અવસ્થા હો—કોઈ દ્રવ્ય પોતાની હદ છોડી પરમાં ન જાય. દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ ત્રિકાળ છે ને કાળ એટલે સંસારદશા અથવા સિદ્ધદશા જે હોય તેને જીવ છોડતો નથી. બધા પદાર્થો બીજા દ્રવ્યની બહાર લોટે છે. નિગોદ-અવસ્થા હો, સાધક-અવસ્થા હો કે સિદ્ધ-અવસ્થા હો-દરેક વખતે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. અવગાહન પોતાનું ક્ષેત્ર છે, પોતાની સમય સમયની અવસ્થા તે કાળ છે અને શક્તિઓ તે ભાવ છે.

આત્મામાં પરને લીધે વિલક્ષણતા થતી નથી. અત્યારના કોઈ પંડિત પરને લીધે વિલક્ષણતા થાય એમ કહે છે. જેમકે :—સ્મશાનમાં એકલો માણસ જાય તો બીક લાગે ને બે માણસ સાથે જાય તો ઓછો ડર લાગે ને હાથમાં હથિયાર લઈને જાય તો એથી પણ ઓછો ડર લાગે. જુઓ, નિમિત્તનો પ્રભાવ!—એમ અજ્ઞાની જીવ કહે છે : આમ સંયોગને અનુકૂળ-પ્રતિકૂળ માનનારા સંયોગમાં એકતાબુદ્ધિ દ્વારા ઊંધી પ્રરૂપણા કરે છે.

**દો-લોચન-ધર કર સહસ નયન,**
**નહિં તૃપ્ત હુઆ આશ્ચર્ય ભરન. ૮૯.**


ત્યાં સંયોગાનુસાર ડર નથી પણ પોતાની યોગ્યતા મુજબ ડર લાગે છે. નિમિત્તને લીધે ફેર પડતો નથી. મડદા પાસે અથવા સ્મશાનમાં કીડી વગેરે જીવો છે તેને ડર લાગતો નથી. માટે નિમિત્તનો પ્રભાવ ઉપાદાન ઉપર જરાપણ નથી. દરેક જીવને ભય થાય છે તે પોતાના કારણે થાય છે, પરને લીધે નહિ. સંજ્ઞી જીવને જ્ઞાન વધારે છે માટે ભય છે? ના, તે ભય પણ પોતાના કારણે છે.

પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પોતામાં છે. નિશ્ચયે વસ્તુ પોતામાં જ છે, માટે પોતાની વસ્તુની શ્રદ્ધા કરો. પર્યાયમાં સ્વતંત્ર, ગુણમાં સ્વતંત્ર ને દ્રવ્યમાં સ્વતંત્ર છે. કોઈની સ્વતંત્રતા કોઈ લૂંટતું નથી. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો પિંડ છે. પોતાનો સ્વભાવ ક્યાંય ગયો નથી—એમ વિચારે તો શાંતિ પામે. મોક્ષમાર્ગરૂપ ઉપાયથી મોક્ષરૂપી ઉપેય પામે. ઉપેય શું? આત્માની પૂર્ણ દશા થાય તે ઉપેય છે. સંસાર-અવસ્થા વિષે જડકર્મ ને શરીરમાં આત્મા ગુપ્ત છે ને પરની ભાવનાથી દુઃખ પામ્યો. સ્વભાવને ચૂકવાથી પોતાના જ્ઞાયકસ્વભાવને એટલે પરમેશ્વરપદને ન પામ્યો. તેનો ઉપાય હોય તો ઉપેયને પામીએ. મોક્ષનો અથવા પરમેશ્વરપદ પ્રગટ કરવાનો ઉપાય કહે છે. પરમાં જે ઉપયોગ વાળ્યો છે તે સ્વમાં વાળવો. અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે તેને સ્વ-તરફ ઉપયોગ વાળ્યો કહેવાય છે.

પોતાથી ભૂલ થઈ છે તે પોતાથી સુધરે. શુદ્ધ ઉપયોગ એક જ ઉપાય છે. બાકી વ્રત, તપ, સંયમાદિ કરે તે શુભભાવ પુણ્યનો ઉપાય છે, તે મોક્ષનો ઉપાય નથી પણ બંધનો ઉપાય છે. પરથી એટલે નિમિત્તથી ને સંયોગથી ઉપયોગ ખસ્યો એટલે સ્વ-તરફના ઉપયોગમાં આવ્યો. સમ્યગ્દર્શન પણ શુદ્ધ ઉપયોગમાં પ્રગટે છે, એનું ફળ મોક્ષ છે.


વળી ગ્રંથ ઉપદેશ પણ નિમિત્તકારણ કહ્યું છે. વીતરાગની વાણી નિમિત્તકારણ છે. અહીં ગ્રંથવાંચન કહ્યું નથી. જ્ઞાની પુરુષોનો ઉપદેશ નિમિત્તકારણ છે. આત્માના શુદ્ધ ઉપયોગથી શુદ્ધતા થાય છે. ત્યાં ઉપદેશ નિમિત્ત છે. સ્વરૂપ તરફ અનુભવની એકદેશ શુદ્ધતા ચડતી જાય તેમ મોક્ષમાર્ગમાં ચડે છે પણ શુભભાવના કારણે મોક્ષમાર્ગમાં ચડાતું નથી. આ પ્રમાણે જિનેન્દ્ર ભગવાનનો નિરાબાધ ઉપદેશ છે. પોતે આત્માના આધારે શુદ્ધ ઉપયોગ કરી, સ્વભાવ તરફ વળે તો વાણી આદિને નિમિત્ત કહેવાય. હું જ્ઞાનાનંદ છું એવી દૃષ્ટિ કરે તો પોતા તરફ વળે. આત્મઉપયોગથી સમાધિ થાય છે ત્યારે સાક્ષાત્ શિવપંથ સુગમ થાય. એવી રીતે અનેક સંતો સ્વરૂપસમાધિ ધરી ધરી પાર પામ્યા. હવે સમાધિનું વર્ણન કરીએ છીએ. (ક્રમશઃ) ❊

જો પાપી સુભટ-કષાય-ધાર,
ઐસા રિપુ મોહ અનર્થકાર;




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ત્રીજી ઢાળ ગાથા ૨)



## નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા

परद्रव्यनतैं भिन्न आपमें रुचि, सम्यक्त्व भला है;
आपरूपको जानपनों सो, सम्यक्ज्ञान कला है।
आपरूपमें लीन रहे थिर, सम्यक्चारित सोई;
अब व्यवहार मोखमग सुनिये, हेतु नियतको होई ॥२॥

પરદ્રવ્યોથી ભિન્ન, પરદ્રવ્ય તરફના વલણવાળા રાગાદિ ભાવોથી પણ ભિન્ન, અને પોતાના સ્વભાવોથી અભિન્ન—એવા આત્માની શ્રદ્ધા—રુચિ તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં ઘરવખરી વચ્ચે રહ્યો હોય, ધંધા—વેપારમાં હોય કે રાજ-પાટ વચ્ચે હોય, શુભાશુભભાવ તે પ્રકારના થતા હોય, છતાં અંતરની દૃષ્ટિથી પોતાના આત્માને તે બધાયથી જુદો શુદ્ધ ચૈતન્યભાવપણે જ દેખે છે. તે પરદ્રવ્યમાં નથી રહ્યો, તેનો સંબંધ હોવા છતાં તે સંયોગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મા હું છું—એમ તે સ્વદ્રવ્યને શ્રદ્ધે છે; આ સમ્યક્ત્વ ભલું છે—હિતરૂપ છે—કલ્યાણરૂપ છે. નિશ્ચય સમ્યગ્દર્શનને ભલું કહ્યું છે, તે જ સત્યાર્થ છે, તે જ યથાર્થ મોક્ષમાર્ગ છે. 'परद्रव्यनतैं भिन्न आपमें रुचि, सम्यक्त्व भला है;'—એમ કહ્યું એટલે નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય એકલું સ્વતત્ત્વ છે; પરથી ભિન્ન પોતાના સ્વતત્ત્વને લક્ષમાં લેતાં રાગથી પણ જુદો અનુભવ થાય છે. આવા અનુભવપૂર્વક આત્માની શ્રદ્ધા તે સાચું સમ્યગ્દર્શન છે; આમાં એકલા સ્વતત્ત્વની દૃષ્ટિ છે. સ્વલક્ષ કરતાં જ પરદ્રવ્યો અને પરભાવોની સાથે એકતાબુદ્ધિ છૂટી જાય છે. આ રીતે સ્વમાં એકત્વબુદ્ધિરૂપ આત્મરુચિ તે સમ્યગ્દર્શન છે.

'आपमें रुचि'—આપ એટલે પોતાનો આત્મા, તેનું સ્વરૂપ ઓળખીને, નિર્વિકલ્પ સ્વસંવેદન સહિત તેની શ્રદ્ધા કરવી જોઈએ. બાહ્યદૃષ્ટિથી સંયોગમાં ને રાગમાં 'આ હું' એમ મિથ્યા માન્યું હતું, તે માન્યતા છોડીને અંતરમાં 'આ હું' એમ નિજસ્વભાવની પ્રતીત કરતાં સમ્યક્ત્વ થયું, પોતાનો આત્મા જેવો છે તેવો ઓળખાણમાં આવી ગયો.

સમ્યક્ત્વ જ્ઞાન સંયમ સમ્હાર,
ઇન શસ્ત્રનસે કીના સંહાર. ૯૦

એકલા શુદ્ધ સ્વભાવમાં જ રુચિનો પ્રવેશ થયો, ત્યાં કોઈ વિકલ્પમાં રુચિ ન રહી, એટલે તેના અવલંબને ધર્મનો કાંઈ પણ લાભ થશે—એવી બુદ્ધિ ન રહી. પરથી જુદો ને વિકલ્પથી જુદો થઈને શુદ્ધાત્મારૂપે જ પરિણમ્યો; આવું સમ્યક્‌પરિણમન તે ભલું છે, તે શુદ્ધ છે, તે નિશ્ચયમોક્ષમાર્ગનું અંગ છે. મોક્ષને સાધવાની તે કળા છે. 'रुचि, सम्यक्त्व भला है;....ने सम्यक्ज्ञान कला है' આત્માની રુચિ ને આત્માનું જ્ઞાન તે મોક્ષને સાધવાની ઉત્તમ કળા છે. પરનું જાણપણું કે શાસ્ત્ર તરફનું જાણપણું—તે નહિ, પણ આપરૂપ એટલે આત્માનું સ્વરૂપ, તેને પરથી ભિન્ન જાણવું તે સાચી જ્ઞાનકળા છે. જીવ બહારની બીજી અનેક કળા શીખ્યો પણ આત્મજ્ઞાનની કળા તેણે પૂર્વે કદી જાણી નથી. જ્ઞાન આત્મસ્વભાવની સન્મુખ થયું ત્યારે સમ્યગ્જ્ઞાનની કળા ખીલી, આત્મજ્ઞાન થયું ને મોક્ષમાર્ગ ઊઘડ્યો. આત્મજ્ઞાન પાસે નવતત્ત્વ વગેરેનું વ્યવહારુ જાણપણું ગૌણ થઈ ગયું. 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું',—તેને જ્ઞાનની કળા ખીલી, હવે આગળ વધીને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થશે. કેવળજ્ઞાન પ્રગટ કરવા માટેની આ સમ્યગ્જ્ઞાનકળા છે તે કેવળજ્ઞાન સાથે આનંદની કેલી કરે છે, આનંદની ક્રીડા કરતી કરતી તે કેવળજ્ઞાનને સાધે છે. અહા! ચોથાગુણસ્થાને ગૃહસ્થનું સમ્યગ્જ્ઞાન તે પણ કેવળજ્ઞાનની જાતનું જ છે. પૂર્ણ ચંદ્રનો અંશ પણ ચંદ્રની જાતનો જ હોય, તે કાંઈ ઠીકરું ન હોય; તેમ સમ્યક્‌મતિશ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનની જાતના જ છે, તે કાંઈ રાગની જાતના ઠીકરા જેવા નથી. અહા, શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન થતાં કેવળજ્ઞાનની એક કળા ખીલી. આવી ભેદજ્ઞાનકળા તે મોક્ષને સાધનારી છે.

परद्रव्यनतैं भिन्न आपमें रुचि, सम्यक्त्व भला है;
आपरूपको जानपनों सो, सम्यक्ज्ञान कला है।

હે જીવ! મોક્ષસુખને માટે તું આવા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્‌ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં ઉદ્યમી થા. પોતાના આત્માની સન્મુખ થઈને આત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે, આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે; અને સમ્યક્‌ચારિત્ર કેવું છે? કે—

आपरूपमें लीन रहे थिर, सम्यक्चारित सोई;

પરથી ભિન્ન પોતાનું જે સ્વરૂપ રુચિમાં અને જ્ઞાનમાં લીધું તે નિજસ્વરૂપમાં સ્થિરતા-લીનતારૂપ વીતરાગભાવ તે સમ્યક્‌ચારિત્ર છે. જુઓ, નિજસ્વરૂપમાં લીનતાને

યહ કામ ધરત બહુ અહંકાર,
ત્રય લોક પ્રાણિગણ વિજયકાર;

ભગવાને ચારિત્ર અને મોક્ષમાર્ગ કહેલ છે, શુભરાગને ચારિત્ર કે મોક્ષમાર્ગ કહ્યો નથી. શુભાશુભક્રિયાઓ તે કર્મના આસ્રવનો હેતુ છે; કર્મના આસ્રવના હેતુરૂપ તે ક્રિયાથી નિવૃત્તિ, અને શુદ્ધ-જ્ઞાનસ્વરૂપમાં પ્રવૃત્તિ, તે મોક્ષમાર્ગનું ચારિત્ર છે; આવા સમ્યક્ચારિત્રમાં સદા લાગવાનું કહ્યું છે. અરે, સાચું ચારિત્ર શું છે—તેની પણ ઘણા જીવોને ખબર નથી. સાચા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ અહીં ટૂંકમાં ઓળખાવ્યું છે. મોક્ષમાર્ગરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય ભાવો આત્મામાં સમાય છે, કોઈ રાગમાં કે શરીરની ક્રિયામાં તે નથી.

સહજ એક જ્ઞાયકભાવ—કે જે શુભાશુભ રાગાદિ પરભાવોરૂપે કદી થયો નથી એવો શુદ્ધ આત્મા, તેની અંતરંગ અનુભૂતિમાં 'આ હું' એવી નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. આત્મા આવો છે એમ તેને બરાબર જાણીને તેનું શ્રદ્ધાન થાય છે. સમ્યગ્જ્ઞાન—સમ્યગ્દર્શન અને સમ્યક્અનુભૂતિ ત્રણે એક સાથે થાય છે. જે વસ્તુને જાણી જ ન હોય તેની શ્રદ્ધા કેવી રીતે કરે? વસ્તુને જાણ્યા વગરની શ્રદ્ધા એ તો સસલાનાં શીંગડાની શ્રદ્ધા કરવા જેવી મિથ્યાશ્રદ્ધા છે. શ્રદ્ધા કોની?—કે જે વસ્તુ સત્ હોય તેની. સત્ એવો જે જ્ઞાયકસ્વભાવ, તેને દૃષ્ટિમાં અને જ્ઞાનમાં લીધો ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું; તેની સાથે આનંદનો અનુભવ પણ છે. આવા આનંદસ્વરૂપ આત્માનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે, તે શુદ્ધજ્ઞાનની કળા છે, તે મોક્ષને સાધનારી વીતરાગી-વિદ્યા છે. મોક્ષની પ્રાપ્તિ માટેનું આ 'બીજ-જ્ઞાન' છે. જ્ઞાનની બીજ ઊગી તે વધીને પૂનમ થશે. બહારના અપ્રયોજનભૂત પદાર્થોનું જાણપણું કરે એમાં કાંઈ આત્માનું હિત નથી, તે બાહ્ય-જ્ઞાન વડે કાંઈ મોક્ષ સધાતો નથી. અરે, એકલા પરલક્ષે શાસ્ત્રનું જાણપણું તે પણ મોક્ષને સાધી શકતું નથી. જે જ્ઞાન આત્માના મોક્ષનું સાધન ન થાય, જે આનંદનો અનુભવ ન આપે તેને જ્ઞાન કોણ કહે? શુદ્ધ આત્મા તરફ વળેલું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે, તે જ મોક્ષને સાધનારું છે ને તે જ આનંદનું દાતાર છે. અંતરમાં શુદ્ધાત્માના આવા જ્ઞાનસહિત શાસ્ત્ર વગેરેનું જ્ઞાન હોય તેને વ્યવહારે મોક્ષનું કારણ કહેવાય. શુદ્ધાત્માની સમ્યક્શ્રદ્ધા સહિત નવતત્ત્વની પ્રતીતિને વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો શુદ્ધાત્માની સ્વસત્તાને જ અવલંબનારા છે, તેમાં પરનું અવલંબન જરાય નથી.—આવો સ્વાધીન આત્માશ્રિત નિશ્ચયમોક્ષમાર્ગ છે.

(ક્રમશઃ) ❈

તુમરે ઢિગ પાઈ ઉદયહાર,
તબ લજ્જિત હુઆ હૈ અપાર. ૯૧

## ✽ ચારે અનુયોગના અભ્યાસનું પ્રયોજન ✽

પ્રતિમાની સ્થાપના આદિ કરે તેને પુણ્ય થાય છે,–એ નિમિત્તનું કથન કરીને શાસ્ત્રોમાં શુભ પરિણામનું વર્ણન કર્યું છે. પણ એનાથી ધર્મ થાય છે એમ નથી. નિર્દોષ આહાર કરવાથી સંવર–નિર્જરા થાય છે અને સદોષ આહાર કરવાથી પાપ થાય છે.–એમ કોઈ કહે તો એ વાત ખોટી છે. કોઈ એમ કહે કે અનુકંપાબુદ્ધિથી અવિરતિને આહાર આપે તો પાપભાવ છે, એ વાત પણ ખોટી છે; કેમ કે કોઈ અનુકંપાથી આહાર આપે તો પુણ્યબંધ થાય છે, એને પણ તે સમજતો નથી; અને ચરણાનુયોગમાં એવા શુભભાવનું કથન કર્યું હોય તેને ધર્મ માને તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપના સ્વરૂપને તે સમજતો નથી.

કરણાનુયોગમાં માર્ગણાસ્થાન વગેરેનું વર્ણન કર્યું છે. ત્યાં ભેદથી–કથન કર્યું હોય છે. તે ભેદને સમજીને અભેદદૃષ્ટિ કરવી તે કરણાનુયોગનું પ્રયોજન છે. તેને સમજે નહિ ને એકલો ભેદમાં અટકે તો તે મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યસંગ્રહની ટીકામાં કહેલ છે કે હાથની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. જ્ઞાનાવરણીય કર્મના કારણે જ્ઞાનની પર્યાય અટકે છે,—એમ નથી. સમયસારમાં કહેલ છે કે ચૌદે ગુણસ્થાનનું ભેદથી કથન કર્યું છે તે પણ આત્માનું સ્વરૂપ નથી.

દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરીને, એકાંત આત્મા શુદ્ધ જ છે અને પર્યાયમાં વિકાર જ નથી—એમ માને તો તે દ્રવ્યાનુયોગના પ્રયોજનને સમજતો નથી. પ્રથમ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજ્યો હોય, પછી તેને વિશેષ સ્થિરતા થાય તેને ચારિત્રદશા કહેવાય છે. પર્યાયમાં જે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તેનું જ્ઞાન ગોમ્મટસારમાં કરાવ્યું છે; અને દ્રવ્યાનુયોગ, પર્યાય આદિના ભેદ છોડીને અભેદ સ્વરૂપનું અવલંબન કરો એમ કહે છે. શાસ્ત્રમાં એવું કથન આવે કે જ્ઞાનાવરણીય કર્મથી આત્માનું જ્ઞાન રોકાય છે, તો તે નિમિત્તનું કથન છે. મોહનીય કર્મના કારણે રાગદ્વેષ થાય છે એમ છે જ નહિ. રાગદ્વેષમાં તે નિમિત્તમાત્ર છે—એમ બતાવવા એવું કથન કર્યું છે. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. જે શાસ્ત્રોમાં ત્રણ લોકનું નિરૂપણ કર્યું હોય છે તેનો અભ્યાસ કરે, પણ એનું પ્રયોજન વિચારતો નથી, અભેદદૃષ્ટિ કરતો નથી, શુદ્ધોપયોગ કરતો નથી, તેને કાંઈ લાભ થતો નથી. અજ્ઞાની શાસ્ત્રનો અભ્યાસ કરે પણ તેનું પ્રયોજન વિચારે નહિ. તો તે મિથ્યાદૃષ્ટિ છે.

## તત્ત્વ સંબંધી બે બોલ
## શ્રી કાનજીસ્વામીની વિચારધારા

સોનગઢમાં પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી સંવત ૧૯૯૧થી બિરાજે છે. તેઓશ્રીએ ૧૯૯૧ના ચૈત્ર સુદી ૧૩ના રોજ સ્ટાર ઑફ ઈન્ડિયામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચિત્રપટ સમક્ષ પરિવર્તન કરી સ્થાનકવાસી સંપ્રદાય છોડી શ્રી દિગમ્બર જૈનધર્મ અંગીકાર કર્યો છે અને તેનું સ્વરૂપ તેઓશ્રી સવારે અને બપોરે બે વખતનાં વ્યાખ્યાનથી તથા રાત્રે એક કલાક ચર્ચાથી સ્પષ્ટપણે જિજ્ઞાસુઓને સમજાવે છે. એ પ્રમાણે જીવોને અધ્યાત્મમાં રસ જાગ્રત થતાં મુમુક્ષુઓની સંખ્યા દિન-પ્રતિદિન વધવા લાગી છે. માત્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી નહીં પણ દિલ્હી, કલકત્તા, મુંબઈ વગેરે હિંદુસ્તાનના બીજા ગામો અને આફ્રિકા, બર્મા વગેરે સ્થળોએથી મુમુક્ષુઓ તેઓશ્રીના સદ્‌ઉપદેશનો લાભ લેવા સોનગઢ આવે છે, તેઓશ્રીનો ઉપદેશ સાંભળી ઘણા પ્રભાવિત થાય છે અને તત્ત્વજ્ઞાનનો અપૂર્વ લાભ મેળવે છે.

કેટલાક લોકોમાં એવી એક માન્યતા પ્રચલિત થઈ છે કે સોનગઢમાં શ્રી કાનજીસ્વામી શ્રી સમયસાર ઉપર જ પ્રવચન આપે છે. આ વાત સત્ય નથી. જેઓને તેઓશ્રીનો સમાગમ નથી, તેઓ સત્ય હકીકત જાણ્યા વગર આવું માન્યા કરે છે. ખરી હકીકત એવી છે કે સોનગઢમાં શરૂઆતથી જ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ અનેક શાસ્ત્રો ઉપર વ્યાખ્યાનો આપ્યાં છે. તેના કેટલાક નામો નીચે પ્રમાણે છે :

(૧) શ્રી સમયસાર, (૨) શ્રી પ્રવચનસાર, (૩) શ્રી નિયમસાર, (૪) શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, (૫) શ્રી અષ્ટપાહુડ, (૬) શ્રી આત્માનુશાસન, (૭) શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, (૮) શ્રી દ્રવ્યસંગ્રહ, (૯) શ્રી પરમાત્મપ્રકાશ, (૧૦) શ્રી પદ્મનંદી પંચવિંશતિકા, (૧૧) શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત તત્ત્વાર્થસાર, (૧૨) શ્રી ધવલ ભાગ ૧લો, (૧૩) શ્રી ભક્તામર સ્તોત્ર, (૧૪) શ્રી સમાધિશતક, (૧૫) શ્રી ઈષ્ટોપદેશ, (૧૬) શ્રી તત્ત્વજ્ઞાન તરંગીણી, (૧૭) શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, (૧૮) શ્રી સમયસાર નાટક, (૧૯) શ્રી અનુભવપ્રકાશ, (૨૦) શ્રી સત્તાસ્વરૂપ, (૨૧) શ્રી પંડિત ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, (૨૨) શ્રી પંડિત બનારસીદાસજીની પરમાર્થ વચનિકા, (૨૩) શ્રી પંડિત બનારસીદાસજીના ઉપાદાન-નિમિત્તના દોહરા, (૨૪) શ્રી ભૈયા ભગવતીદાસજી કૃત ઉપાદાન-નિમિત્તનો સંવાદ, (૨૫) શ્રી આત્મસિદ્ધિ (શ્રીમદ્ રાજચંદ્રજી કૃત), (૨૬) શ્રી અપૂર્વ અવસર (શ્રીમદ્ રાજચંદ્રજી કૃત) વગેરે અનેક શાસ્ત્રોનો ઉપદેશ આપે છે. વળી શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી જે ૨૭૯ શાસ્ત્રો 'ભગવાન કુંદકુંદ-કહાન શાસ્ત્રમાળા' અંતર્ગત પ્રકાશિકત થયેલ છે તેમાં તથા 'આત્મધર્મ' માસિકમાં તથા 'શ્રી સદ્‌ગુરુ પ્રવચનપ્રસાદ' દૈનિકમાં આમાંના ઘણાં

શાસ્ત્રોના વ્યાખ્યાનો છપાયા છે. જેઓ સત્ય હકીકતથી અપરિચિત છે તે જ ‘સોનગઢમાં એક સમયસાર જ વંચાય છે’ એવી હકીકત રજૂ કરે છે.

શ્રી સમયસારમાં કંઈ એક પ્રકારે વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે અને પ્રથમાનુયોગના શાસ્ત્રો, ચરણાનુયોગના શાસ્ત્રો અને કરણાનુયોગના શાસ્ત્રોમાં તેથી વિરુદ્ધ રીત છે, એવી જો જીવની માન્યતા હોય તો તે માન્યતા યથાર્થ નથી. કેમકે વીતરાગી જ્ઞાનીઓનાં કોઈ પણ શાસ્ત્રો, નાના હોય કે મોટા હોય, કોઈ પણ અનુયોગના હોય, પણ તે વીતરાગતા જ પોષક હોય છે. શુભભાવથી ખરેખર ધર્મ થાય એમ તે કોઈ કહેતા નથી, અને જો એમ હોય તો શાસ્ત્રોમાં વિરોધ આવે. પરંતુ વીતરાગી શાસ્ત્રોમાં કદી પણ વિરોધ હોઈ શકે નહીં.

વળી સોનગઢથી શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી તત્ત્વાર્થસૂત્ર અર્થાત્ મોક્ષશાસ્ત્ર ગુજરાતી તથા હિન્દી ટીકામાં બહાર પડયા છે. તેમાં જુદા જુદા (૫૨) બાવન શાસ્ત્રોના આધાર આપવામાં આવ્યા છે. એટલે સોનગઢમાં શ્રી સમયસાર સિવાય બીજા શાસ્ત્રો માનવામાં આવતા નથી એમ માનનારાને આ મોક્ષશાસ્ત્ર તથા સોનગઢથી બહાર પડતાં બીજા શાસ્ત્રો જોઈ જવા વિનંતી કરવામાં આવે છે, કે જેથી તેમની માન્યતામાં સત્ય છે કે નહીં તેની ખાત્રી થશે.

વળી કેટલાક એમ જણાવે છે કે પરમ પૂજ્ય ગુરુદેવ ક્રિયાનો નિષેધ કરે છે, તે વાત તદ્દન અસત્ય છે. ખરી રીતે ક્રિયાનું સાચું સ્વરૂપ શું છે, તે તેઓશ્રી યથાર્થપણે સમજાવે છે. તેઓશ્રી એમ સમજાવે છે કે ક્રિયા ત્રણ પ્રકારની છે. એક જડની ક્રિયા, બીજી જીવની વિકારી ક્રિયા અને ત્રીજી જીવની શુદ્ધ ક્રિયા (અવિકારી ક્રિયા). તેમાં હવે જડની ક્રિયા આત્મા ખરેખર કરી શકતો નથી, તેથી તેનાથી જીવને કદી લાભ કે નુકશાન થાય નહિ. શરીર સાથે એકપણાની બુદ્ધિવાળાને શરીરની ક્રિયાથી લાભ થાય એવો ભાસ થાય છે, પણ તે માન્યતા તત્ત્વથી વિરુદ્ધ છે. જીવની વિકારી ક્રિયાથી જીવને કદી ધર્મ થાય નહિ. કારણ કે વિકારી ક્રિયા પોતે જ સંસાર છે, અને એ તો જીવ અનાદિનો કરતો આવ્યો છે. જીવની શુદ્ધ ક્રિયા તે ધર્મ છે. માટે જીવોએ તત્ત્વ સમજી આત્માશ્રિત ક્રિયા કરવી જોઈએ એવો તેઓશ્રીનો ઉપદેશ છે.

કેટલાક વર્ષો પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી, સોનગઢ બહાર વિહારમાં હતાં. ત્યારે અન્ય સંપ્રદાયના એક ભાઈએ પૂછેલું કે આપ ક્રિયામાં માનો છો ? ત્યારે તેમને જવાબ મળ્યો કે અમે તો છએ દ્રવ્યો ક્રિયા કરે છે એમ માનીએ છીએ. વળી તેઓએ પૂછ્યું કે ‘તમો પુણ્યમાં માનો છો?’ ત્યારે તેઓશ્રીએ કહ્યું ‘નવ તત્ત્વમાં પુણ્ય તત્ત્વ આવી જાય છે. નવ તત્ત્વને અમે માનીએ છીએ, માટે પુણ્ય તત્ત્વને પણ માનીએ છીએ.’

પુણ્ય તત્ત્વના સંબંધમાં જીવ અનાદિથી ભૂલ કરી રહ્યો છે. જ્યાં એક તત્ત્વમાં ભૂલ હોય ત્યાં બધા તત્ત્વમાં ભૂલ થાય જ. અનાદિથી અજ્ઞાની જીવો, અજ્ઞાનદશાના કારણે

પુણ્યભાવથી લાભ થાય તેમ માની રહ્યા છે, પણ પુણ્યભાવને ભગવાને આસ્રવ અને બંધ કહ્યો છે, તત્ત્વાર્થસૂત્રમાં શ્રી ઉમાસ્વામી ભગવાને તેમ જ સમયસારમાં શ્રી ભગવાન કુંદકુંદાચાર્યે તેને આસ્રવ અને બંધમાં ગણ્યો છે અને તે સંસારનું કારણ છે. જે સંસારમાં લઈ જાય તેને ભલું કેમ કહેવાય ?

સમયસારની ગાથા ૧૪૫માં તે પ્રમાણે સ્પષ્ટ કહ્યું છે કે પુણ્યથી ધર્મ થાય એમ માનનારાઓ સર્વજ્ઞતા મતની બહારના છે, એમ શ્રી કુંદકુંદ આચાર્યદેવ જણાવે છે અને તેમને અનુસરીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપદેશ છે.

ધર્મી જીવોને તથા ધર્મ પ્રગટ કરવા માંગતા જીવોને પુણ્યભાવ (શુભભાવ) હોય છે ખરાં, અને તેવા શુભભાવો સોનગઢના અનુયાયીઓમાં પણ પ્રત્યક્ષ જોવામાં આવે છે. સોનગઢમાં દિગમ્બર જિન મંદિર, સ્વાધ્યાયમંદિર, પ્રવચન મંડપ, અતિથિ સેવા સમિતિ, માનસ્થંભ, સમવસરણ, બ્રહ્મચયાર્શ્રમ વગેરે જે સંસ્થાઓની રચના મોટા ખર્ચે કરવામાં આવી છે, તેને અને જીવોનાં પુણ્યભાવને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એમ સ્પષ્ટપણે જણાઈ આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના વરદ હસ્તે દેશ-પરદેશમાં ૩૫ પંચકલ્યાણક અને ૩૫ વેદી પ્રતિષ્ઠાઓ થઈ છે

વળી અનેક જીવો ધંધો, વેપાર, રોજગાર છોડી આ તત્ત્વજ્ઞાનના ઉપદેશનો લાભ લેવા માટે સોનગઢ રહે છે; તેમાં શુભભાવ નથી તો શું છે ? શુભભાવ તો છે તેમ વિચારકે કબૂલ કરવું પડે તેમ છે.

વળી સોનગઢના અનુયાયીઓમાં છ કુમારિકા બહેનોએ આજીવન બ્રહ્મચર્યવ્રત પ્રથમ ગ્રહણ કરેલું, તથા હાલમાં ચૌદ બીજી બહેનોએ આજીવન બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરેલ છે. ત્યારબાદ ૮+૯+૧૧ બહેનોએ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુએ વ્રત ગ્રહણ કર્યું છે એ વાત પ્રસિદ્ધ છે. આવા શુભભાવના દૃષ્ટાંતો પણ જૈનધર્મના ઈતિહાસમાં અપૂર્વ છે તો શુદ્ધતાની તો વાત જ શી ?

વળી સોનગઢના અનુયાયીઓએ સોનગઢમાં તથા રાજકોટ, પોરબંદર, વાંકાનેર, મોરબી, સુરેન્દ્રનગર, વઢવાણ, રાણપુર, બોટાદ, ઉમરાળા, વીંછીયા, જલગામ, લાઠી, પાલેજ, વડીયા વગેરે સ્થળોએ દિગમ્બર જિન મંદિરો બંધાવ્યા છે અને ત્યાં પૂજા, દર્શન, સ્તુતિ, ભક્તિ વગેરે કરવામાં આવે છે. આ વાત પણ પ્રસિદ્ધ છે.

આવા ટૂંકા સમયમાં આટલા જિન મંદિરો બનવાના દૃષ્ટાંતો પણ જ્વલ્લે જ જોવામાં આવે છે. આવી અપૂર્વ જૈનધર્મની પ્રભાવના પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશથી સૌરાષ્ટ્ર, ગુજરાત, હિન્દ અને હિન્દની બહાર થઈ રહી છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—શું જ્ઞેય-જ્ઞાયક સંબંધી પણ જીવને ભ્રાંતિ રહી જાય છે ?

ઉત્તર :—જીવથી ભિન્ન પુદ્‌ગલ આદિ છ દ્રવ્યો તે જ્ઞેય ને આત્મા તેનો જ્ઞાયક છે એમ નિશ્ચયથી નથી. અરે! રાગ તે જ્ઞેય ને આત્મા જ્ઞાયક એમ પણ નથી. પરદ્રવ્યોથી લાભ તો નથી પણ પરદ્રવ્યો જ્ઞેય ને તેનો તું જાણનાર છો એમ પણ ખરેખર નથી. હું જાણનાર છું, હું જ જણાવા યોગ્ય છું, હું જ મને જાણું છું. પોતાના અસ્તિત્વમાં જે છે તે જ સ્વજ્ઞેય છે એમ પરમાર્થ બતાવીને પર તરફનું લક્ષ છોડાવ્યું છે.

પ્રશ્ન :—જ્ઞેયજ્ઞાયકપણાનો નિર્દોષ સંબંધ ધર્માત્માને હોય છે.–કૃપા કરી સમજાવો ?

ઉત્તર :—શરીર-મન-વાણી પરવસ્તુ છે, તેની સાથે મારે કાંઈ સંબંધ નથી, તેથી ‘તેમની અનુકૂળ ક્રિયા હોય તો મને ઠીક અને તેમની પ્રતિકૂળ ક્રિયા હોય તો મને અઠીક’ એમ તેમના પ્રત્યે મને કાંઈ પક્ષપાત નથી. મારા જ્ઞાનની ઉગ્રતા પાસે વિકાર બળી જાય એવો ચૈતન્યજ્યોત મારો સ્વભાવ છે.—આમ પોતાના સ્વભાવની ઓળખાણ કરવાની પહેલી વાત છે. દર્શનશુદ્ધિ વગર જ્ઞાન, ચારિત્ર કે વ્રત-તપ ત્રણ કાળમાં હોતા નથી.

ધર્માત્મા અંતરમાં જાણે છે કે હું એક જાણનાર છું, ને આ શરીરાદિ બધા પદાર્થો મારા જ્ઞેયો છે. હું જ્ઞાતા, ને તે જ્ઞેય—એ સિવાય બીજો કોઈ સંબંધ અમારે નથી. જેમ જનેતા સાથે પુત્રને માતા તરીકેના નિર્દોષ સંબંધ સિવાય બીજા કોઈ આડા વ્યવહારની કલ્પના સ્વપ્નેય પણ ન હોય તેમ હું ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાયક છું ને પદાર્થો જ્ઞેય છે, જ્ઞેય–જ્ઞાયકરૂપ નિર્દોષ સંબંધ સિવાય અન્ય કોઈ સંબંધ મારે પરદ્રવ્ય સાથે સ્વપ્ને પણ નથી. મારે પર સાથે માત્ર જાણવા પૂરતો જ સંબંધ છે. જેમ અંધારામાં કોઈ માણસ કોઈને પોતાની સ્ત્રી સમજીને વિષયબુદ્ધિથી તેની પાસે ગયો, પણ જ્યાં પ્રકાશમાં તેનું મોઢું જોતાં ખબર પડી કે આ તો મારી માતા છે. ત્યાં ફડાક તેની વૃત્તિ પલટી જાય છે કે અરે આ તો મારી જનેતા! જનેતાની ઓળખાણ થઈ કે તરત જ વિકાર વૃત્તિ પલટી અને માતા-પુત્રના સંબંધ તરીકેની નિર્દોષ વૃત્તિ જાગૃત થઈ. તેમ જીવ અજ્ઞાન ભાવે

તૃષ્ણા સરિતા અતિ હી ઉદાર,
દુસ્તર ઇહ-પરભવ દુઃખકાર;

પરવસ્તુને પોતાની માનીને તેને ઈષ્ટ-અનિષ્ટ માને છે અને તેના કર્તા-ભોક્તાના ભાવ કરીને વિકારપણે પરિણમે છે. પણ જ્યાં જ્ઞાન પ્રકાશ થતાં ભાન થયું કે અહો મારો જ્ઞાયક સ્વભાવ છે. ને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ છે. એમ નિર્દોષ જ્ઞેય-જ્ઞાયક સંબંધનું ભાન થતાં જ ધર્મીને વિકારભાવ ટળીને નિર્દોષ જ્ઞાયકભાવ પ્રગટ થાય છે. અસ્થિરતાના રાગ-દ્વેષ થતા હોય છતાં ધર્મીને અંતરમાં રુચિ પલટી ગઈ છે કે હું ચૈતન્યસ્વરૂપ બધાનો જાણનાર છું, બીજા પદાર્થો સાથે જ્ઞેય-જ્ઞાયક સ્વભાવ સંબંધ સિવાય બીજો કાંઈ સંબંધ મારે નથી.

**પ્રશ્ન :—પ્રભુ! હું સંસારરોગથી પીડાતો દર્દી છું એ રોગને મટાડનાર આપ ડૉક્ટર પાસે આવ્યો છું?**

ઉત્તર :—કોઈ દર્દી જ નથી. હું દર્દી છું એવી માન્યતા છોડી દેવી. હું નીરોગી પરમાત્મસ્વરૂપ જ છું.

**પ્રશ્ન :—સમ્યક્ત્વનું આત્મભૂત લક્ષણ શું?**

ઉત્તર :—સ્વ-પરનું યથાર્થ ભેદજ્ઞાન સદાય સમ્યક્ત્વની સાથે જ હોય છે અને એ બંને પર્યાયો એક જ સ્વદ્રવ્યના આશ્રયે છે; માટે ભેદવિજ્ઞાન તે સમ્યક્ત્વનું આત્મભૂત લક્ષણ છે. ગુણભેદની અપેક્ષાએ સમ્યક્ત્વનું લક્ષણ નિર્વિકલ્પ પ્રતીતિ તે આત્મભૂત લક્ષણ ને સમ્યક્ત્વનું લક્ષણ ભેદવિજ્ઞાન તે અનાત્મભૂત લક્ષણ એમ પણ કહેવાય. નિર્વિકલ્પ અનુભૂતિ સમ્યક્ત્વની સાથે સદાય નથી હોતી. તેથી તેને સમ્યક્ત્વનું લક્ષણ કહેતા નથી. સમ્યક્ત્વ પ્રગટતી વખતે નિર્વિકલ્પ અનુભૂતિ જરૂર હોય છે તેથી તેને ''સમ્યક્ત્વ પ્રગટવાનું'' લક્ષણ કહી શકાય.

અનુભૂતિ તે સમ્યક્ત્વના સદ્ભાવને પ્રસિદ્ધ જરૂર કરે છે, પણ અનુભૂતિ ન હોય ત્યારેય સમકિતીને સમ્યગ્દર્શન હોય છે. માટે અનુભૂતિને સમ્યક્ત્વનું લક્ષણ કહી શકાતું નથી. લક્ષણ એવું હોવું જોઈએ કે લક્ષ્યની સાથે સદૈવ હોય અને જ્યાં લક્ષણ ન હોય ત્યાં લક્ષ્ય પણ ન હોય.

**પ્રશ્ન :—સમ્યગ્દર્શનનું સ્વભાવભૂત લક્ષણ શું?**

ઉત્તર—અનુભૂતિને લક્ષણ કહ્યું છે પણ ખરેખર તો તે જ્ઞાનની પર્યાય છે ખરું લક્ષણ તો પ્રતીતિ જ છે. એકલા આત્માની પ્રતીતિ તે શ્રદ્ધાનનું લક્ષણ છે. ❊❊

**વિદ્યા-નૌકા ચઢ રાગરિક્ત,**
**ઉતરે તુમ પાર પ્રભુ વિરક્ત. ૯૨**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—***એક સમયની જ્ઞાનની પર્યાયને કોઈવાર શાસ્ત્રમાં જ્ઞેય તરીકે કહે છે, કોઈવાર પર્યાય છે માટે હેય છે તેમ કહેવાય છે ને કોઈ વખત પ્રગટ કરવા માટે તેને ઉપાદેય કહેવાય છે. એક પર્યાય સંબંધી શાસ્ત્રમાં ઘણા પ્રકાર આવે છે તો ભેદજ્ઞાનની જ્યોતિ પ્રગટ કરવા માટે કઈ વાત મુખ્ય કરવી? હેય–જ્ઞેય–ઉપાદેય કઈ રીતે કરવું? તે ફરમાવશોજી.*

**સમાધાન :—**અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં જે પર્યાયો પ્રગટે છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, માટે દૃષ્ટિ અપેક્ષાએ તેને હેય કહે છે. જ્ઞાનની અપેક્ષાએ તેને જાણવાયોગ્ય કહેવાય છે, પણ જે અધૂરી સાધનાની પર્યાય છે તે વચ્ચે આવ્યા વગર રહેતી નથી. તે જ્ઞાનમાં જાણવાયોગ્ય છે અને તે પ્રગટ કરવાની અપેક્ષાએ આદરવાયોગ્ય છે. જ્ઞાન-દર્શનની જે અધૂરી પર્યાયો છે તે એક સમયમાં પૂર્ણ થતી નથી, ચારિત્ર પણ એકસાથે પરિપૂર્ણ પ્રગટ થતું નથી. તેથી તેને સાધના કરવાની રહે છે, સ્વરૂપમાં લીનતા કરવાની રહે છે. તેથી તે પર્યાયને જ્ઞાન આદરણીય પણ જાણે છે.

નિશ્ચય–વ્યવહારની સંધિ જેમ છે તેમ સમજે તો સાધનામાં આગળ જાય છે. દૃષ્ટિમાં જ્ઞાયકને એકને મુખ્ય રાખીને અધૂરી—પૂર્ણ પર્યાયને પણ ગૌણ કરવામાં આવે છે. અધૂરી-પૂર્ણ પર્યાય જેટલો હું નથી, હું તો અખંડ જ્ઞાયક છું. કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય તોપણ તે પર્યાય છે. હું તો અખંડ એક દ્રવ્ય છું. સમ્યગ્દર્શનથી માંડીને જે નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે તે બધી સાધનામાં વચ્ચે આવે છે, તેથી તે પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે. સાધના કરતાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે, તે અપેક્ષાએ તે ઉપાદેય છે; પણ દૃષ્ટિની અપેક્ષાએ તેને હેય કહેવામાં આવે છે.

**પ્રશ્ન :—***શું પ્રગટ કરવાની અપેક્ષાએ પર્યાયને ઉપાદેય કહેવામાં આવે છે?*

**સમાધાન :—**હા, પર્યાયને પ્રગટ કરવાની અપેક્ષાથી ઉપાદેય કહી છે, તેમાં તેને

યમરાજ જગતકો શોકકાર,
નિત જરા જન્મ દ્વૈ સખા ધાર;

પુરુષાર્થ કરવાનો રહે છે. સાધકને સ્વાનુભૂતિની દશા પ્રગટી છે તે સ્વાનુભૂતિમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય ને પછી સ્વાનુભૂતિરૂપે જ પોતે થઈ જાય, અર્થાત્ જેવો આત્મા છે, તે રૂપે જ પોતે થઈ જાય એવી દશા હજી પ્રગટ થઈ નથી, તેથી પર્યાય પ્રગટ કરવાની અપેક્ષાએ આદરણીય છે.

મુનિઓ છઠ્ઠા—સાતમા ગુણસ્થાને ઝૂલતાં—ઝૂલતાં અંતર્મુહૂર્તમાં અંતરમાં જાય છે અને બહાર આવે છે, તો પણ હજી પર્યાય અધૂરી છે, તેથી સાધનાની પરિણતિ ચાલ્યા જ કરે છે. છઠ્ઠા—સાતમા ગુણસ્થાનની દશામાં હું પ્રમત્ત નથી કે અપ્રમત્ત નથી એવી દૃષ્ટિ હોવા છતાં તે સાધનાની પર્યાયમાં મુનિઓ ઝૂલે છે. તેમાં વૃદ્ધિ થતાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે સાધનામાં પરિણતિની દોરી તેના સ્વભાવ તરફ છે, જ્ઞાન જ્ઞાનને ખેંચતું પોતાના તરફ જાય છે. સાધનામાં આવું હોય છે તો પણ દૃષ્ટિ એક આત્મા ઉપર છે, દૃષ્ટિ બધાને હેય કરે છે, દૃષ્ટિ બધાને ગૌણ કરે છે.

**પ્રશ્ન :—***'જ્ઞાન જ્ઞાનને ખેંચતું' એમ આપે ફરમાવ્યું તેનો ભાવ શું છે? તે ફરમાવશોજી.*

**સમાધાન :—**જ્ઞાન એટલે પુરુષાર્થની દોરી જે પરિણતિ વિભાવ તરફ જતી હતી તેને સ્વભાવ તરફ ખેંચે છે, સાધનાને વધારતો જાય છે અને ભેદજ્ઞાનની ધારા ઉગ્ર કરતો જાય છે.

દૃષ્ટિ પ્રગટ થઈ પછી કાંઈ કરવાનું રહેતું જ નથી એમ નથી. દૃષ્ટિ પ્રગટ થયા પછી સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, હજી તેમાં લીનતા પ્રગટ કરવાની બાકી છે. ભેદજ્ઞાનની ધારાને ઉગ્ર કરીને દૃષ્ટિનું બળ વધારતો જાય છે, પોતાની પરિણતિને એકદમ પોતા તરફ વાળતો જાય છે, વિભાવ તરફ જતી પરિણતિને સ્વભાવ તરફ ખેંચતો જાય છે. દૃષ્ટિમાં પર્યાયને હેય માને છે, છતાં પણ પુરુષાર્થની દોરી ચાલુ છે. હું તો અખંડ છું તો પણ આ વિભાવની પર્યાય થઈ રહી છે, સ્વભાવની પર્યાય અધૂરી છે તે બધું જાણે છે, અને પુરુષાર્થની દોરી પોતા તરફ ખેંચતો જાય છે.

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ) (મુક્તિનો માર્ગ..)

વગેરેમાં પ્રવર્તે છે. પોતાની શક્તિ ન હોય અને કોઈ બીજો સાધર્મીબંધુ દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરે સત્કાર્યમાં પ્રવર્તતો હોય તો તેની ઈર્ષ્યા ન કરે પણ હોંશ આવે કે અહો! મારા વતી મારા સાધર્મી ભાઈ દેવ-ગુરુના કાર્યો કરે છે તેને ધન્ય છે! એમ પોતે અનુમોદન આપે, પણ બીજાની ઈર્ષ્યા ન હોય. જો ઈર્ષ્યા આવે તો તેને દેવ-ગુરુ પ્રત્યેની સાચી ભક્તિ આવી નથી, અંદર ગૃહીત મિથ્યાત્વનું શલ્ય પડ્યું છે. (ક્રમશઃ) ❊

## બાળ વિભાગ

# મનુષ્ય–જન્મની દુર્લભતાના દસ દૃષ્ટાંત

(મનુષ્ય જન્મ, શરીરની સ્વસ્થતા, આર્યકુળ, સાચા દેવ, ગુરુ, જૈનધર્મ મળવો કેટલો દુર્લભ છે, આ સંબંધમાં શાસ્ત્રોમાં ઘણું જ વર્ણન છે, તે સંબંધી અમુક દૃષ્ટાંતો જૈન આરાધના કથાકોષમાંથી આપવામાં આવેલ છે.)

### ૫. રત્નનું દૃષ્ટાંત

ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, સુભૌમ, મહાપદ્મ, હરિષેણ જયસેન અને બ્રહ્મદત્ત નામના બાર ચક્રવર્તીઓના મુકુટમાં જડેલ મણિઓ કે જે સ્વર્ગના દેવો પાસે ચાલ્યા ગયા તે ચૌદ રત્નો, નવ નિધિ તથા સર્વ દેવ આ બધા ક્યારેય ભેગા ન થઈ શકે. તે જ પ્રમાણે ખોયેલું મનુષ્ય જીવન પુણ્યહીન ક્યારેય પ્રાપ્ત કરી શકતા નથી. માટે બુદ્ધિમાનોને ઉચિત છે, તેમનું કર્તવ્ય છે કે મનુષ્યજીવન પ્રાપ્ત કરવાના કારણરૂપ જૈનધર્મને ગ્રહણ કરે.

### ૬. સ્વપ્ન દૃષ્ટાંત

ઉજ્જૈનમાં એક લકડહારો રહેતો હતો. તે જંગલમાંથી લાકડા કાપીને બજારમાં વેચીને તેનાથી ગુજરાન ચલાવતો હતો. એક દિવસ તે લાકડીનો ભારો માથા ઉપર મૂકીને આવી રહ્યો હતો. ધોમ તડકામાં તે એક વૃક્ષની છાયામાં લાકડાનો ભારો ઉતારીને સૂઈ ગયો. તેની ઉંઘ આવી ગઈ અને તેણે એક સ્વપ્ન જોયું કે પોતે આખી પૃથ્વીનો માલિક ચક્રવર્તી થઈ ગયો છે. હજારો નોકર-ચાકર તેની આગળ હાથ જોડીને ઊભા છે. તેના બધા જ હુકમનું પાલન થાય છે. આવું જોઈ રહ્યો હતો ત્યાં તેની સ્ત્રીએ આવીને તેને ઉઠાડી દીધો અને તેની સંપત્તિ આંખ ખોલતા જ નાશ પામી ગઈ અને ફરીને લાકડાનો ભારો ઉપાડવો પડ્યો. જેમ તે લકડહારો સ્વપ્નમાં ચક્રવર્તી બની ગયો પણ જાગતા તે રહ્યો લકડહારો જ તેના હાથમાં કાંઈપણ સંપત્તિ ન આવી. આ જ પ્રમાણે એકવાર મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને વ્યર્થ ગુમાવી દીધું તે પુણ્યહીન મનુષ્યને માટે આ મનુષ્યજન્મ લકડહારાને ન મળવાવાળી ચક્રવર્તીની સંપત્તિ સમાન અસંભવ છે.

### ૭. ચક્રનું દૃષ્ટાંત

હવે ચક્રનું દૃષ્ટાંત કહેવામાં આવે છે. બાવીસ મજબૂત થાંભલા છે એક એક થાંભલા ઉપર એક-એક ચક્ર લાગેલું છે. એક-એક ચક્રમાં હજાર-હજાર આરા છે. તે આરામાં એક એક છેદ છે. ચક્ર ઉંધી દિશામાં ફરી રહ્યા છે. પણ જે વીર પુરુષ છે તે

આવી અવસ્થામાં પણ તે થાંભલામાં રાખેલ નિશાનને વેધી નાખે છે. કાકંદીના રાજા દ્રુપદની કુમારીનું નામ દ્રૌપદી હતું તે ખૂબ સુંદર હતું. તેના સ્વયંવરમાં અર્જુને નિશાન સાધીને દ્રૌપદીનું વરણ કર્યું હતું. માટે ઠીક જ છે પુણ્યના ઉદયથી પ્રાણીઓને બધું જ અનુકૂળ થઈ જાય છે. પણ પ્રમાદવશથી એકવાર મનુષ્ય જન્મ નાશ કર્યો તો તે ફરી પ્રાપ્ત થવો મુશ્કેલ જ નહીં પણ અસંભવ છે. મનુષ્યજન્મ પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે માટે દરેકે ધર્મ-ધ્યાન કરવું હિતકારી છે.

## ૮. કાચબાનું દૃષ્ટાંત

બધાથી મોટા સ્વયંભૂરમણ સમુદ્રને એક મોટા ભારી ચામડામાં નાનું છિદ્ર કરીને ઢાંકી દો. સમુદ્રમાં ફરતા થકા એક કાચબાને કોઈ એક હજાર વર્ષો પછી તે ચામડાના નાના છિદ્રમાંથી સૂર્યને જોયો અને તે છિદ્ર તેનાથી છૂટી ગયું. ભાગ્યવશે ફરીને તેને એવો યોગ મળી પણ જાય અને સૂર્યને જોઈ શકે, પણ જો આ મનુષ્યજન્મ આ રીતે પ્રમાદવશ નાશ પામ્યું તો તે મળવું અત્યંત દુષ્કર છે.

## ૯. યુગનું દૃષ્ટાંત

બે લાખ યોજન લાંબા પૂર્વ લવણસમુદ્રમાં યુગ (ધરી)ના છેદમાંથી પડેલ જળચરને પશ્ચિમ સમુદ્રમાં વહેતા યુગ (ધરી)ના છેદમાં સમય રહેતા પ્રવેશ કરવો સંભવ પણ છે પણ પ્રમાદ કે વિષયભોગોમાં વીતાવેલ મનુષ્યજીવન પુણ્યહીન પુરુષોને ફરી મળવું અસંભવ છે. માટે જેમણે આ દુઃખોથી મુક્ત થઈને મોક્ષસુખ પ્રાપ્ત કરવું હોય તેમણે પુણ્યકર્મ-ધર્મધ્યાન કરતા રહેવું કે જેનાથી મોક્ષપ્રાપ્તિ સુધી જૈનધર્મ ને મનુષ્ય જીવન મળતું રહે.

## ૧૦. પરમાણુનું દૃષ્ટાંત

ચાર હાથ લાંબા ચક્રવર્તીના દંડરત્નના પરમાણુ વિખરાઈને બીજી અવસ્થા પ્રાપ્ત કરી લે અને દૈવયોગે તે જ પરમાણુ ફરીને દંડરત્નરૂપે આવી જાય તે અસંભવ નથી પણ મનુષ્યપર્યાય જો એકવાર જો એકવાર દુષ્કર્મોમાં વ્યતીત કરી તો ફરીને પ્રાપ્ત કરવી જરૂર અસંભવ છે. આ પ્રમાણે સર્વશ્રેષ્ઠ મનુષ્યજીવનને અત્યંત દુર્લભ જાણી બુદ્ધિમાનોએ ઉચિત છે કે મોક્ષસુખ માટે સંસારના જીવમાત્રના હિત કરવાવાળો પવિત્ર જૈનધર્મને ગ્રહણ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પુરુષાર્થ કરે કે જેનાથી ભવબંધનથી મુક્ત થાય.

**તુમ યમવિજયી લખ હો ઉદાસ,**
**નિજ કાર્ય કરન સમરથ ન તાસ. ૯૩**

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(જોડી બનાવો)

| | | | |
|---|---|---|---|
| (૧) | આચાર્ય ઉમાસ્વામી | (૧) | નાટક સમયસાર |
| (૨) | આચાર્ય કુંદકુંદદેવ | (૨) | ભગવતી આરાધના |
| (૩) | આચાર્ય જિનસેન | (૩) | છ ઢાળા |
| (૪) | આચાર્ય પૂજ્યપાદ | (૪) | યોગસાર |
| (૫) | આચાર્ય સમન્તભદ્ર | (૫) | ધવલા |
| (૬) | આચાર્ય અકલંકદેવ | (૬) | ભક્તામર સ્તોત્ર |
| (૭) | આચાર્ય રવિષેણ | (૭) | તત્ત્વાર્થસૂત્ર |
| (૮) | કવિવર ધનંજય | (૮) | કલ્યાણમંદિર સ્તોત્ર |
| (૯) | પંડિત દૌલતરામ | (૯) | સમ્યગ્જ્ઞાન દીપિકા |
| (૧૦) | પંડિત રાજમલ્લજી | (૧૦) | અષ્ટપાહુડ |
| (૧૧) | પંડિત બનારસીદાસજી | (૧૧) | વિષાપહાર સ્તોત્ર |
| (૧૨) | પંડિત ટોડરમલજી | (૧૨) | સમયસાર કલશટીકા |
| (૧૩) | આચાર્ય યોગીન્દુદેવ | (૧૩) | તત્ત્વાર્થરાજવાર્તિક |
| (૧૪) | પંડિત દીપચંદજી | (૧૪) | હરિવંશપુરાણ |
| (૧૫) | આચાર્ય પુષ્પદંત, ભૂતબલી | (૧૫) | મોક્ષમાર્ગપ્રકાશક |
| (૧૬) | આચાર્ય અમિતગતિ | (૧૬) | રત્નકરંડ શ્રાવકાચાર |
| (૧૭) | આચાર્ય માનતુંગ | (૧૭) | પદ્મપુરાણ |
| (૧૮) | ધર્મદાસ ક્ષુલ્લક | (૧૮) | સમાધિતંત્ર |
| (૧૯) | કુમુદચંદ્ર આચાર્ય | (૧૯) | ચિદ્‌વિલાસ |
| (૨૦) | શિવકોટિ આચાર્ય | (૨૦) | સામાયિક પાઠ |

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના સગાસંબંધીઓ ....................કહીને બોલાવતા હતા.

(૨) પૂજ્ય ગુરુદેવશ્રીએ સમયસાર સભામાં ................વાર વાંચ્યું હતું.

(૩) પૂજ્ય ગુરુદેવશ્રીએ ...................... ભગવાનના ફોટા સમક્ષ પરિવર્તન કર્યું હતું.

(૪) પૂજ્ય ગુરુદેવશ્રીનાં સંપ્રદાયના ગુરુનું નામ ....................... મહારાજ હતું

(૫) નંદીશ્વર દ્વીપની એક દિશામાં ..................... જિનાલય હોય છે.

(૬) પૂ. બહેનશ્રીને સમ્યક્‌દર્શન ................ વદ.......... ના રોજ થયું હતું.

(૭) ૨૪ તીર્થંકરમાંથી ‘‘મ’’થી શરૂ થતા ૧) ......................... ૨) .................
૩) ...................... ભગવાન છે.

(૮) જીવોની સંખ્યા સ્વર્ગમાં વધુ કે મોક્ષમાં ?...................

(૯) પંચપરમેષ્ઠીમાંથી પૂરા જ્ઞાની (સુખી) ................... (૨) ...................... છે.

(૧૦) બાહુબલીની બહેન બાલબ્રહ્મચારી ૧) .................. (૨) .................. હતી

(૧૧) તીર્થંકર ભગવાનને ભવનવાસી દેવોનાં કેટલા ઈન્દ્રો નમન કરે છે? .................

(૧૨) નિશંકગુણમાં ....................... પ્રસિદ્ધ થયા.

(૧૩) એક પુદ્‌ગલ પરમાણુ આકાશની જેટલી જગ્યા રોકે તેને .................... કહે છે.

(૧૪) આ વૈશાખ સુદ ૨ના દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીનો ................મો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો.

(૧૫) જે શક્તિના કારણે દ્રવ્યમાં પ્રયોજનભૂત ક્રિયા હોય તેને ................. ગુણ કહે છે.

(૧૬) રાવણની પત્નીનું નામ .............................. હતું.

(૧૭) પાર્શ્વનાથ ભગવાનના સમવસરણમાં ........................ ગણધર હતા. તેમાં મુખ્ય ................... હતા.

(૧૮) રાવણનું મૃત્યુ ......................ના હાથે થયું હતું.

(૧૯) ભાવસ્વરૂપ ગુણને ......................... ગુણ કહે છે.

(૨૦) મહાવીર ભગવાનનો જન્મ .................નગરમાં થયો હતો.

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| ૧—૭ | ૬—૧૩ | ૧૧—૧ | ૧૬—૨૦ |
| ૨—૧૦ | ૭—૧૭ | ૧૨—૧૫ | ૧૭—૬ |
| ૩—૧૪ | ૮—૧૧ | ૧૩—૪ | ૧૮—૯ |
| ૪—૧૮ | ૯—૩ | ૧૪—૧૯ | ૧૯—૮ |
| ૫—૧૬ | ૧૦—૧૨ | ૧૫—૫ | ૨૦—૨ |

## બાળકો માટેના પ્રશ્નના ઉત્તર

૧) ભગત
(૨) ૧૯
(૩) પારસનાથ
(૪) હીરાચંદજી
(૫) ૧૩
(૬) ફાગણ – દસમ

(૭)(૧) મલ્લિનાથ
(૨) મુનિસુવ્રત
(૩) મહાવીર
(૮) મોક્ષમાં
(૯) (૧) અરિહંત
(૨) સિદ્ધ

(૧૦) (૧) બ્રાહ્મી
(૨) સુંદરી
(૧૧) ૪૦
(૧૨) અંજનચોર
(૧૩) પ્રદેશ
(૧૪) ૧૩૬
(૧૫) વસ્તુત્વ

(૧૬) મંદોદરી
(૧૭) ૧૦ – શ્રી સ્વયંભૂ
(૧૮) લક્ષ્મણ
(૧૯) અનુજીવી
(૨૦) કુંડલપુર

સદૈવ જીવો એમ કરો કે જેથી આત્મા આત્માનો દ્રોહી ન થાય. જિનાગમમાં કહ્યું છે કે પોતાના અવલોકનથી શુદ્ધ-ઉપયોગ થાય, પરનો વિયોગ થાય, સહજ ઓળખાય, ત્રણ લોકનો નાથ પોતે છે. વિખ્યાત નિજ અનુરાગ વડે વીતરાગભાવને ધારણ કરો; આ દાવ પામ્યા છો, ફરી આવો ઉપાય મળવાનો નથી, માટે જેનાથી ભવફંદ મટે એવો ભાવ ધારણ કરો! તેથી માનસ્થંભને મટાડી, માયાજાળને જલાવી, ક્રોધ—અગ્નિ બુઝાવી, લોભ-લહરીઓને મટાડી તથા વિષયભાવનાને ન ભાવી, આ ચિદાનંદ રાયપદને દેખો! દેખો! પોતે પોતાને ગવેષો! પર વેદનની ઉચ્છેદના કરી, સહજભાવ ધારણ કરી, અંતર્વેદી થઈ અને આનંદધારાને નિહાળી, નિશ્ચયરૂપ પરમાત્માને દેખો!

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનુ—૫૮)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ✻ નંદીશ્વર-અષ્ટાહ્નિકા ✻

અષાઢ સુદ ૮, ગુરુવાર, તા. ૩-૦૭-૨૦૨૫ થી અષાઢ સુદ ૧૫, ગુરુવાર, તા. ૧૦-૦૭-૨૦૨૫—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **વીરશાસન જયંતી** :—અષાઢ વદ-૧, શુક્રવાર, તા. ૧૧-૭-૨૦૨૫ના રોજ શ્રી વીરશાસનજયંતી વિશેષ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

✻ શ્રી શાંતિનાથ જિનાલય જૈન સંઘના ટ્રસ્ટી તથા સંયુક્ત સંઘ પંચ મુમુક્ષુ મંડળોના આદરણીય વડીલ સુરેન્દ્રનગર નિવાસી મનહરલાલ સાગરદાસ કોટક (મનુદાદા) (ઉ.વ. ૭૨)નું તા. ૨૭-૫-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

કોઈ અતિ નિંદ્રાવશ મનુષ્યને તેના મર્મસ્થાન ઉપર મુદગરની ચોટ મારે, અથવા અગ્નિના આતાપથી દેહને જરા ઉષ્ણતા લાગે, અથવા ક્યાંય વાજિંત્રોના અવાજ સાંભળે તો તે તુરત જાગૃત થઈ જાય છે. પરંતુ અવિવેકી જીવને તો પાપકર્મફળના ઉપરા ઉપરી ઉદયરૂપ મુદગરના માર મર્મસ્થાન ઉપર પડ્યા કરે છે, મહાદુઃખરૂપ ત્રિવિધ તાપથી તેનો દેહ નિરંતર બળી રહ્યો છે અને આજ આ મર્યો, કાલ આ મર્યો, ફલાણો આમ મર્યો અને ફલાણો તેમ મર્યો, એવા યમરાજના વાજિંત્રોના ભયંકર શબ્દો વારંવાર સાંભળે છે, છતાં એ મહા અકલ્યાણકારક અનાદિ મોહનિંદ્રાને જરાય વેગળી કરી શકતો નથી, એ પરમ આશ્ચર્ય છે. ૫૭. (શ્રી આત્માનુશાસન)

**બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા**
**અધ્યાત્મ અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૧૨મો જન્મજયંતી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૧૧૨મી જન્મજયંતી આ વર્ષે શ્રી બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૧૨મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન શ્રાવણ સુદ ૧૩, તા. ૭-૮-૨૦૨૫, ગુરુવારથી શ્રાવણ વદ-૨ તા. ૧૧-૮-૨૦૨૫, સોમવાર—પાંચ દિવસ સુધી શ્રી સુવર્ણપુરી તીર્થ પૂજન-વિધાન, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ સંપન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવ-રસભીનાં કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો ધર્મચર્ચા, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ભજનમંડળીઓ દ્વારા થનાર જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૬-૭-૨૦૨૫, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.)

નિમંત્રક :
શ્રી બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળના
જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● કેટલાક જીવો કહે છે કે આ કાળમાં સ્વરૂપનો અનુભવ કઠણ છે. એમ કહેનારને રાગ-દ્વેષ સહેલા લાગે છે એટલે કે બહિરાત્મપણું સહેલું લાગે છે. પુણ્ય-પાપના પરિણામ કરી રખડવું સહેલું લાગે છે તે બહિરાત્માને સાધે છે. તેને બહારની રુચિ છે. તે અંતરનો પ્રેમ કરતો નથી. આવી રીતે સ્વરૂપ કઠણ માનનાર સ્વરૂપનો અનાદર કરે છે. ૬૯૬.

● સર્વજ્ઞ પરમાત્માએ કહેલા પદાર્થના સ્વરૂપ અનુસાર મુનિએ રચેલા શાસ્ત્રનું સમ્યક્‌પણે અવગાહન કરવું, સારી રીતે સમજણ કરવી તે સાધક છે. જેમ ઊંડા દરિયામાં અવગાહન કરે તો મોતી મળે છે તેમ શાસ્ત્રમાં સમ્યક્ પ્રકારે પ્રવેશ કરી જુઓ તો આત્મામાં ભાવશ્રુત પ્રગટ થાય છે. ૬૯૮.

● આત્મા વિકલ્પરહિત થઈને આત્માને ન પકડે તો તે શાસ્ત્રને સમજ્યો નથી. આગમ કહે છે કે, તારો આત્મા જ્ઞાનજ્યોત છે. આમ દ્રવ્યશ્રુતના અવગાહનમાં ભાવશ્રુતનું ફળ છે. ૬૯૯.

● પ્રશ્ન : રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે તો રાગાદિને પરભાવ કેમ કહો છો ?

ઉત્તર : શુદ્ધ નિશ્ચયથી રાગાદિ જીવના નથી. કેમકે ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં તાદાત્મ્યપણાની દૃષ્ટિએ વિકારનો અભાવ છે. વળી તે રાગાદિ આત્માના ગુણમાં તન્મય નથી. સ્વભાવમાં સંસાર તન્મય નથી. જો તન્મય હોય તો મોક્ષ થઈ શકે નહીં. સંસાર એક સમયમાત્રની પર્યાય છે. ઉત્પાદ-વ્યય પ્રત્યેક સમયે નવીન પર્યાય છે. અન્ય અન્ય ભાવ છે. રાગાદિ વિકારભાવ છે તે જીવના વર્તમાન પર્યાય છે. તે પર્યાયથી અન્ય નથી પણ ત્રિકાળી સ્વભાવથી વિકાર પર્યાય તન્મય નથી માટે જુદી છે. તેથી પરભાવ કહેવાય છે. ૭૦૦.

● સ્વરૂપના ભાનપૂર્વક ભગવાનની યથાર્થ સ્થાપનાને જ્ઞાની જાણે છે. દેખો અરિહંતદેવની વીતરાગમુદ્રા !! તે પથ્થરમાંથી ઘડેલી હોવા છતાં પણ ખરેખર વીતરાગમાર્ગને દેખાડે છે. પણ કોને ? કે જેને અંતરમાં ભાન થયું તેને. અહો ! શાંત શાંત વીતરાગ મુદ્રા ! ૭૦૨.

આત્મધર્મ
જુલાઈ-૨૦૨૫
અંક-૧૧● વર્ષ-૧૯

Posted at Songadh PO
Publish on 1-7-2025
Posted on 1-7-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org